વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/-
ઘનશ્યામ
૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૬
વર્ષ : ૫૧ ● અંક : ૦૨



(પદ–૨)
# અનાદિમુક્ત હરિ મૂર્તિમાં જ છું...














## વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ













(૧-૨) કરણનગર ખાતે જરમા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે તેમજ વડસર ખાતે પધરામણીમાં લાભ (૩-૭) ઘન.નગર, નિકોલ, સેટેલાઇટ, વાસણા ખાતે અનુક્રમે પધરામણીમાં લાભ (૮) નવી મુંબઈ મંદિરે દર્શનાર્થે પધારેલ મહારાષ્ટ્ર રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી એકનાથ શિંદે સાહેબ

# શ્રીહરિ સંકલ્પ મહોત્સવ ઉપક્રમે

## Divine Discipline

(ફેબ્રુઆરી માસના સંકલ્પો)

### દિવ્યદૃષ્ટિ

દર અઠવાડિયે પરિવારના સભ્યોએ ભેગા થઈને ક્ષમાયાચના દિન કરવો.
(માફી માગવી, દંડવત કરવા, પંચાંગ પ્રણામ કરવા, ચંદન અર્ચન કરવું, સમૂહભોજન કરવું)

### જનરલ શિસ્ત

સમયપાલનનો ગુણ કેળવીએ અને અન્યના સમયનો આદર કરીએ.
સત્સંગ સભામાં, મિટિંગમાં તથા અન્ય સત્સંગના તેમજ
વ્યવહારિક પ્રોગ્રામમાં સમયસર હાજરી આપીએ.


# ઘનશ્યામ

૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૬ ● વર્ષ : ૫૧ ● અંક : ૦૨

# GHANSHYAM

10 February, 2026 • Year : 51 • Edition : 02


## અનુક્રમણિકા...


૦૪ અનાદિમુક્ત હરિ મૂર્તિમાં જ છું હું...

૦૭ હે નાથ પ્રાર્થના કરું દિવ્યભાવે...

૧૦ દેહસ્થાને પોતે સ્વયં પધાર્યા...

૧૩ પૂરણકામે અતિ પૂરણ કર્યો...

૧૬ માયિક આકાર જોવા ચિંતવવા છોડી...

૧૯ અવરભાવમાત્ર નર્યો વિષ્ટા જ જેવો...



પ્રકાશક : સાધુ ભક્તવત્સલદાસ
મુદ્રક : સાધુ પૂર્ણસ્વરૂપદાસ
માલિક : સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)
મુદ્રણ : વાઈબ્રન્ટ ઈમેજ, અમદાવાદ
આદ્ય સ્થાપક : શુદ્ધ ઉપાસના પ્રવર્તક
અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી
(ગુરુદેવ પ.પૂ. બાપજી)
પ્રેરક : પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી
(ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)
તંત્રી : નરેન્દ્રભાઈ આર. ત્રિવેદી
સહતંત્રી : સાધુ રાજીપાસ્વરૂપદાસ
સંપાદક : સાધુ નિર્ગુણજીવનદાસ
લેખનકાર્ય : લેખકવૃંદ



**પત્રવ્યવહાર માટેનું સરનામું :**

ઘનશ્યામ કાર્યાલય, સ્વામિનારાયણ ધામ,
કોબા-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર-૩૮૨૪૨૧
Visit us : www.smvs.org Email : magazine@in.smvs.org



કુલ પેજ : ૩૨ + ૪ ટાઈટલ = ૩૬

સને ૧૯૭૬, જાન્યુઆરી માસથી પ્રારંભ પામેલ આ 'ઘનશ્યામ' સામયિક એ કારણ સત્સંગના જ્ઞાન, ઉપાસના અને સિદ્ધાંતોની પુષ્ટિ કરતું એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે જે દર માસની દસમી તારીખે પ્રકાશિત થાય છે.


'GTPL-ભક્તિ' ચેનલ નં - ૫૫૧ ઉપર દરરોજ સવારે અને રાત્રે ૮:૩૦થી ૯:૦૦ તથા દર એકાદશી તેમજ પૂનમના સમૈયામાં રાત્રે ૮:૩૦થી ૧૦:૩૦ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનો લાભ મળશે.

SMVS


અનાદિમુક્ત હરિ મૂર્તિમાં જ છું હું...

## "અનાદિમુક્ત હરિ, મૂર્તિમાં જ છું હું..."

કારણ સત્સંગમાં સત્પુરુષના દિવ્ય યોગમાં આવનાર દરેક ચૈતન્ય એક અલભ્ય કૃપાનો અધિકારી બની જાય છે. સત્પુરુષને માધ્યમ બનાવી સ્વયં શ્રીજીમહારાજ જ તેની પર એક અદશ્યમાન કૃપાની હેલી વરસાવે છે. સત્પુરુષ દૃષ્ટિ, સ્પર્શ, પ્રસાદ અને સંકલ્પથી મુમુક્ષુ ચૈતન્યને વર્તમાન ધરાવી તેની જીવદશા ટળાવી અનાદિમુક્તની પદવી પ્રદાન કરે છે. વર્તમાન ધારણ કર્યા બાદ મુમુક્ષુનું સૌથી મોટું કર્તવ્ય શું? તો, ટાળી દીધેલા અજ્ઞાનને છોડી દઈ સ્વ-સ્વરૂપના જ્ઞાનની જાગૃતિમાં રહેવાનું છે. હું દેહમાં રહેનારો દેહધારી નહિ પરંતુ મૂર્તિમાં રહેનારો અનાદિમુક્ત જ છું. આ જ્ઞાનની જાગૃતિ જ તેને પ્રાપ્તિથી સ્થિતિ તરફની યાત્રામાં વેગ પકડાવે છે.

અનાદિમુક્તની પદવી પ્રાપ્ત થયા બાદ સ્થિતિના માર્ગે આગળ વધી રહેલ સાધનિક મુમુક્ષુને સિદ્ધદશા પામવા માટેનો મધ્યવર્તી વિચાર એટલે,

**'અનાદિમુક્ત હરિ મૂર્તિમાં જ છું હું...'**

જે આ પ્રાર્થનાની ધ્રુવપંક્તિ છે. આપણી અધ્યાત્મ યાત્રાની પણ ધ્રુવપંક્તિ છે. જે આપણને જ્ઞાનજાગૃતિનું સતત અનુસંધાન અપાવતું સૉલિડ રિમાઈન્ડર છે.

'હું અનાદિમુક્ત જ છું' – આ આપણું પરભાવી અને પરમેનન્ટ સ્ટેટસ છે. આ જ આપણું સ્વરૂપદર્શન છે. આ સ્ટેટસમાં રહેવાશે એટલા જ સુખિયા રહેવાશે. અનાદિમુક્ત શબ્દ બોલતાં જ એ સ્ટેટસમાં જતા રહેવાવું જોઈએ. આ પંક્તિ બોલતાં બોલતાં દેહથી નોખા પડતા જવું અને મુક્તભાવ પ્રસ્થાપિત કરતા જવો. અર્થાત્ પ્રાર્થનાની આ પંક્તિ માત્ર ગાવા ખાતર ન ગાઈ જઈએ પરંતુ તેના શબ્દો પ્રમાણે અનુસરતા જઈએ. વ્હાલા ગુરુજીના અમૃતવચનોમાં પ્રાર્થનાની આ ધ્રુવપંક્તિની વિશેષ મહત્તા ફલિત થાય છે.

વ્હાલા ગુરુજીએ ગત વર્ષે પ્રકાશિત કરેલ પ્રાર્થના 'અનાદિમુક્ત હરિ મૂર્તિમાં જ છું હું : પદ-૧' અને નૂતન વર્ષે પ્રકાશિત કરેલ પ્રાર્થના 'અનાદિમુક્ત હરિ મૂર્તિમાં જ છું હું : પદ-૨'માં ધ્રુવપંક્તિ તો કૉમન જ રાખી છે. પરંતુ પદ-૧ જ્ઞાનજાગૃતિ દ્વારા પરભાવમાં પહોંચવા માટેના સ્ટેપ્સનું માર્ગદર્શન આપે છે અને પદ-૨ જ્ઞાનજાગૃતિમાં નિરંતર રહેવાથી, પરભાવના માર્ગે આગળ વધતાં કેવા દિવ્યાનુભવો થાય તે દર્શાવે છે તથા પરભાવના માર્ગે અવરોધક બાબતોથી સાવધાન રહેવાના કારણોથી વાકેફ કરે છે.

આ પ્રાર્થના માત્ર શબ્દો નથી પણ મુક્તનો સ્વ સાથેનો અને ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણ સાથેનો ગહન સંવાદ છે. મુક્ત મહારાજ સાથે અત્યંત પ્રેમવિભોર થઈ મીઠી ગોષ્ઠિ કરે છે જે મુક્ત અને મહારાજ વચ્ચેના અતૂટ સંબંધને દર્શાવે છે. વળી, મહાપ્રભુની દિવ્યાતિદિવ્ય મૂર્તિમાં નિતાંતપણે રહેવા માટેની મુમુક્ષુની તીવ્ર ઝંખના અને ઉત્કંઠા આ પદમાં વણાયેલી છે. એટલું જ નહિ, આત્મા-પરમાત્માના મિલન પથમાં આવતા સંશયો અને મનોવિકારોને દૂર કરવા આ પ્રાર્થના અકસીર ઔષધ સમાન છે.

પાંચ અંતરાઓથી સર્જિત આ પ્રાર્થનાકૃતિ કાંઈ કક્કા-બારાક્ષરીના શબ્દોની ગોઠવણ નથી પરંતુ અનુભવી સત્પુરુષ વ્હાલા ગુરુજીના મુખની પરાવાણી છે. જેમાં અધ્યાત્મનો ગહન સાર (નિચોડ) ભરેલો છે. મુક્ત સ્થિતિ પામવાનો મર્મ ભરેલો છે. અનંત અનાદિમુક્તોના અનુભવનું તારણ સમાયેલું છે. કારણ સત્સંગનો સિલેબસ સમાયેલો છે.

આ પ્રાર્થના અનુભવગમ્ય છે. અનુભવની કક્ષાએ પહોંચ્યા વિના કેવળ શબ્દોનું ગાન કે શ્રવણ કરનારને આનંદ, અહોભાવ કે હર્ષની અનુભૂતિ ન થાય પરંતુ દેહભૂમિકાથી પર ઊઠી, એકાંતે બેસી, ચૈતન્યભૂમિકા સબળ કરી, મુક્તભાવે મૂર્તિમાં રહી પ્રાર્થના કરવાથી તેની મહત્તાનો, દિવ્યતાનો, ભવ્યતાનો, પરભાવિતાનો, શાશ્વતતાનો વાસ્તવિક આસ્વાદ માણી શકાય તેવી આ ગર્ભિત પ્રાર્થના છે. જે મુમુક્ષુને સ્થિતિ પામવાનો વેગ લગાડતું ઍક્સિલેટર પણ છે અને સ્થિતિ પામવાના માર્ગે વિઘ્નકર્તા બાબતોને અટકાવતી શૉર્ટ બ્રેક પણ છે.

આ પ્રાર્થના દ્વારા પરભાવી ભોમિયા સમા વ્હાલા ગુરુજીએ આપણી કક્ષાએ બેસી પરભાવના માર્ગે આગળ વધવા આપણે કેવી પ્રાર્થના કરવી જોઈએ તેની અદ્‌ભુત રીત શીખવી છે. પરિણામે આ અનુભવાત્મક પ્રાર્થના પામી સૌના હૈયે આભાર અને કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત થતા ઉદ્‌ગારો સરે છે કે, “હે વ્હાલા ગુરુજી, આ પ્રાર્થના એ કેવળ આપની અમારા પરની કરુણા જ કરુણા છે. જે અમને અમારા સ્વરૂપની જાગૃતિનું નિરંતર અનુસંધાન અપાવે છે, પૂર્ણકામપણાની અનુભૂતિ કરાવે છે. સાથે સાથે આપના પરભાવી સ્વરૂપની પણ યથાર્થ પ્રતીતિ કરાવે છે. કારણ કે પરભાવી સ્વરૂપ જ આવી અનુભવજન્ય પરભાવી પ્રાર્થનાનું સર્જન કરી શકે !!”

વ્હાલા ગુરુજીએ આ પ્રાર્થના મુખપાઠ કરી રોજ મહારાજ આગળ એકાંતે બેસી ગદ્‌ગદ કંઠે તેનું ગાન કરવાની રુચિ દર્શાવી છે. વ્હાલા ગુરુજીએ વિશેષમાં લાભ આપતાં કહ્યું હતું કે, “જેટલું એકાંતે બેસી આ પ્રાર્થનાના શબ્દો પ્રમાણે અનુસરવાનો અને તે શબ્દોના અર્થ સમજી તેમાં ઊંડા ઊતરવાનો પ્રયાસ થાય તેટલી જ મુમુક્ષુતા વધુ. હાલતાં-ચાલતાં આ પ્રાર્થના કરવાથી મહારાજમય બની પૂર્ણકામપણાના અખંડ આનંદમાં રાચી શકાય.”

હે મહારાજ ! હું પહેલેથી જ અનાદિમુક્ત હતો, અનાદિમુક્ત જ છું અને અનાદિમુક્ત જ રહેવાનો છું આવું સ્વ-સ્વરૂપનું નિરુત્થાનપણું કરાવો. આ પ્રાર્થના દ્વારા પૂર્ણકામપણાનો, અકર્તાપણાનો અહેસાસ થાય, અવરભાવમાત્રથી વિરક્ત થઈ પરભાવમાં ડુબાય તેવી દયા દરો, દયા કરો, દયા કરો.

આ પ્રાર્થના વિશેષાંક મુમુક્ષુઓને મૂર્તિસુખ પામવા દીવાદાંડી સમ બની રહેશે. આ પ્રાર્થનાના દરેક અંતરામાં રહેલ ગલિતાર્થ આ વિશેષાંકમાં વિભિન્‍ન લેખ રૂપે સમજી, મૂર્તિસુખના માર્ગે આગળ વધીએ.

## ઘરધણી મુક્ત શિબિર





પૂજારી મુક્તો

તા. ૧-૧-૨૦૨૬ ને ગુરુવારના રોજ નૂતન વર્ષના પ્રારંભે સ્વામિનારાયણ મંદિર નરોડા ખાતે સંસ્થાના તમામ ઘરધણી મુક્તો માટે એક-દિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. કીર્તનભક્તિ દ્વારા શિબિરની શરૂઆત થયા બાદ પ્રાસંગિક સંત પ્રવચનમાં પૂ. સર્વજ્ઞસ્વામીએ, ત્યારબાદ પ્રભારી સંત પૂ. પૂર્ણસ્વામીએ ‘દૃષ્ટિકોણ બદલીએ’ તે વિષય પર લાભ આપ્યો હતો. પોતાના વ્હાલસોયા દીકરાઓને લાભ આપવા માટે મા સમાન વ્હાલા ગુરુજીનું પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે સભામંડપમાં આગમન થયું ત્યારે સભાખંડ તાળીઓના નાદથી ગુંજી ઊઠ્યો હતો. આજના દિને વ્હાલા ગુરુજીએ મહાત્મ્યસભર દિવ્યવાણીનો લાભ આપતાં સૌ મુક્તો વિશેષ બળને પામ્યા હતા. આજના દિને સૌ મુક્તોને આપવા હેતુ સ્મૃતિભેટ પ્રસાદીની કર્યા બાદ વ્હાલા ગુરુજીએ પૂ. સંતોને તથા સૌ મુક્તોને ભાલને વિષે મૂર્તિધામના કુમકુમના ચાંદલા કરી અવિસ્મરણીય સ્મૃતિ આપી હતી. પૂ. સંતોના હસ્તે પ્રસાદીનો લાભ પામી સૌ મુક્તો ઠાકોરજી જમાડવા ગયા હતા. દ્વિતીય સેશનમાં ઍક્ટિવિટીનો લાભ લઈ ૫૭૯થી વધુ મુક્તો મહાત્મ્યનું ભાથું બાંધી આજના દિનની સ્મૃતિ વાગોળતા થકા છૂટા પડ્યા હતા.



પ્રાર્થના એ ચૈતન્યની કુણાશનો પર્યાય છે.


હે નાથ પ્રાર્થના કરું દિવ્યભાવે...

"હે નાથ પ્રાર્થના કરું દિવ્યભાવે,
સર્વોપરી છો નિરુત્થાનપણું થાવે;
દેહ છોડાવી શુદ્ધ ચૈતન્ય કીધો,
મૂર્તિરૂપ કરીને મૂર્તિમાં લીધો."

**પંક્તિ સમજૂતી**

ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી રચિત 'અનાદિમુક્ત હરિ મૂર્તિમાં જ છું હું : પદ-૨' પ્રાર્થનાની પ્રથમ પંક્તિ '**હે નાથ પ્રાર્થના કરું દિવ્યભાવે...**'માં ગુરુજીએ આપણને શ્રીજીમહારાજના સ્વરૂપની ઓળખાણ કરાવી છે તથા આપણા પર થયેલી કૃપાનું ભાન કરાવ્યું છે. આ લોકમાં પણ જીવનસાથીની પસંદગી વખતે 'એ કોણ છે ? કેવા છે ?' આ પ્રશ્નોની સ્પષ્ટતા કર્યા પછી જ અવરભાવના સંસાર-વ્યવહારનો પ્રારંભ થાય છે. તો જ્યાં કાયમ માટે વિરામ કરવાનો છે એવા અધ્યાત્મ માર્ગના પ્રવાસી સાધકે ધ્યેય સ્વરૂપ એવા ભગવાનની તથા સ્વ-સ્વરૂપની ઓળખ કરવી એથી અનેકગણી અતિ આવશ્યક છે, ફરજિયાત છે.

મહારાજના સ્વરૂપની ઓળખ અને સ્વ-સ્વરૂપની ઓળખથી અધ્યાત્મ માર્ગનો પ્રારંભ થાય છે. મહારાજને સર્વોપરી, સર્વાવતારી ઓળખવા અને સમજવા એ એકડા સમાન છે. એકડા વગરના મીંડાંનું કોઈ મૂલ્ય નથી. એમ નિષ્ઠા એ એકડો છે અને સાધન એ મીંડાં છે. વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજી કહેતા કે, 'મહારાજના સ્વરૂપની નિષ્ઠા એ કારણ સત્સંગમાં ઍડમિશન છે.' અર્થાત્ શ્રીજીમહારાજના સ્વરૂપની નિષ્ઠા દૃઢ થવાથી જ વ્યતિરેકનો સંબંધ થાય છે.

આ પંક્તિમાં મહારાજના સર્વોપરીપણાનું નિરુત્થાનપણું કરવા માટેની પ્રાર્થના છે. સર્વોપરી સમજવા એના કરતાં નિરુત્થાનપણું કરવું એ ઘણી આગળની વસ્તુ છે. એ સમજણની પરાકાષ્ઠા છે. શ્રીજીમહારાજે ગઢડા મધ્યના ૧૪મા વચનામૃતમાં લીમડાના અને વરતાલના ૧લા વચનામૃતમાં આંબાના દૃષ્ટાંત દ્વારા નિરુત્થાનપણાની વાત કરી છે. મહારાજે લીમડાનું ને આંબાનું દૃષ્ટાંત આપતાં વાત કરી છે કે એક વાર લીમડાને લીમડો જાણ્યો અને આંબાને આંબો જાણ્યો પછી કેવી દૃઢતા થઈ જાય છે. ભલે આખી દુનિયા લીમડાને આંબો કહે અને આંબાને લીમડો કહે તોપણ આપણે ન માનીએ. આને નિરુત્થાનપણું થયું કહેવાય. તેમ લીમડાને ઠેકાણે સનાતન ભગવાન સ્વામિનારાયણ છે અને આંબાને ઠેકાણે આધુનિક ભગવાન છે. હવે, મહારાજને એક વાર ઓળખ્યા કે તે સનાતન છે; પછી ગમે તેવી પરિસ્થિતિ કે સંજોગો આવે તોપણ તેમના સ્વરૂપમાં સંશય કે તેમના આશરામાં ફેર ન પડવો જોઈએ. ગુરુદેવ પ.પૂ. બાપજી તો કહેતા કે, 'સ્વયં શ્રીજીમહારાજ આવીને આપણને એમના સ્વરૂપની નિષ્ઠામાંથી ડગાવવા પ્રયત્ન કરે તોપણ નહિ ફરવાનું. મહારાજને બે હાથ જોડી કહી દેવાનું : દયાળુ, રાજી રહેજો. આમાં તમારુંય નહિ માનું. તમે સર્વોપરી, સર્વાવતારી જ છો. માટે કૃપા કરી મારી કસોટી ન કરશો.' હવે મહારાજના ફેરવ્યા ના ફરવાનું હોય તો મનના કે અન્ય કોઈના ફેરવ્યા તો ક્યાંથી ફરવાનું હોય ? માટે કોઈ જંત્રમંત્ર, ગ્રહ-ચોઘડિયાં વગેરેનો ભાર ન રાખવો તેમજ અનાશ્રય ન કરવો.

વળી, મહારાજનો નિરુત્થાનપણે નિશ્ચય થવાથી પંચવિષય, કોઈ વ્યક્તિ કે વસ્તુ-પદાર્થમાં ક્યાંય પ્રીતિ ન થાય. સર્વેથી આવી પ્રીતિ તૂટતાં સહેજે આપણે મહારાજના સ્વરૂપમાં જોડાઈ શકીશું. આવું નિરુત્થાનપણું કરવું એ કારણ સત્સંગનું પ્રારંભિક છતાં ફરજિયાત લક્ષ્ય છે.

શ્રીજીમહારાજના સ્વરૂપની નિષ્ઠા થયા પછી સ્વ-સ્વરૂપને ઓળખવું અને તેનું નિરુત્થાનપણું કરવું પણ એટલું જ ફરજિયાત છે. આ પ્રાર્થનાની પંક્તિના બીજા ભાગમાં મહારાજે આપણી પર કરેલી અનહદ કૃપાની વાત છે.

**દેહ છોડાવી શુદ્ધ ચૈતન્ય કીધો,**
**મૂર્તિરૂપ કરીને મૂર્તિમાં લીધો.**

કારણ સત્સંગમાં આવતાંની સાથે મહારાજ મોટાપુરુષ દ્વારા મુમુક્ષુ પર પહેલી પ્રોસેસ આ કરે છે. કૃપા કરીને દેહને છોડાવે છે અને શુદ્ધ ચૈતન્ય કરે છે. તેને પોતા જેવો પુરુષોત્તમરૂપ કરી મૂર્તિમાં રાખ્યાના આશીર્વાદ આપે છે. મોટા માત્ર કૃપા કરી છૂટી નથી જતા પરંતુ અનાદિકાળના અજ્ઞાનને છોડાવવા આપણી પાછળ દાખડો પણ કરે છે. વારંવાર આપણને આપણું સ્વરૂપ સમજાવે છે કે, 'દેખાતો દેહ એ તારું સ્વરૂપ નથી. તું પુરુષ નથી, સ્ત્રી નથી, તારી કોઈ નાત નથી. તું દેહથી તદ્દન નોખો આત્મા



"ચિંતામણિ સુંદર લાધી રે, રાંક થઈને શીદને ફરું."

છે, શુદ્ધ ચૈતન્ય છે. હવે તને ચૈતન્ય પણ રહેવા દીધો નથી. તને પુરુષોત્તમરૂપ અનાદિમુક્ત કરી દીધો છે.'

આમ, સત્પુરુષ જીવાત્મા પર કેવળ કૃપાએ બે વિધિ કરે છે :

૧. કેવળ કૃપા કરી દેહ છોડાવી ચૈતન્યનું સ્વરૂપાંતર કરવું.

૨. જ્ઞાન આપી વાસ્તવિક સ્વરૂપનું ભાન કરાવવું.

કોઈ પોતાની રીતે શાસ્ત્રોમાંથી વાંચીને કે સાંભળીને સ્વ-સ્વરૂપનું સ્વરૂપાંતર કે સ્વ-સ્વરૂપનું જ્ઞાન સમજી અધ્યાત્મ માર્ગે આગળ વધવા પ્રયત્ન કરે તો તે શક્ય નથી. ત્યાં સત્પુરુષની આવશ્યકતા ફરજિયાત છે.

**પંક્તિ આધારિત પ્રાર્થના**

હે મહારાજ, હે દયાળુ ! આપ કેવા સર્વોપરી, સર્વાવતારી, એકમેવાદ્વિતીયબ્રહ્મ, આપ જેવા આપ એક જ અદ્‌ભુત સ્વરૂપ છો. દયાળુ, અનંત મોટા મોટા ઐશ્વર્યાર્થીઓ છે પણ કોઈની પાસે પોતાનું ચપટીય નથી. સર્વે આપની અન્વય શક્તિના આધારે થયા છે અને રહ્યા છે. અનંત અનાદિમુક્તો આપના જેવા પુરુષોત્તમરૂપ છે, આપના જેવા છે તેમ છતાં આપ તો આપ જ છો. આપ સર્વોપરી સ્વરૂપ તો છો જ. વળી, પ્રગટ અને પ્રત્યક્ષ પણ છો. અંતર્યામી સ્વરૂપ છો. અનંતકોટિ બ્રહ્માંડના કર્તા-હર્તા તથા મુજ જેવા અનંત અનાદિમુક્તોના કર્તા પણ આપ જ છો.

દયાળુ, આપનો આવો સર્વોપરી યથાર્થ મહિમા મારી રગેરગમાં પ્રવર્તે એવી કૃપા કરો. ગમે તેવા દેશકાળાદિકમાં પણ આપના નિશ્ચયમાં અનિશ્ચયનો ઘાટ સુધ્ધાં ન થાય એવી અઢળક કરુણા કરો. મહારાજ, આપ આવા સર્વોપરી મળ્યા પછી આપના સિવાય ક્યાંય પ્રીતિ કે પ્રતીતિ ન રહે અર્થાત્ આપના સિવાય કોઈનો ભાર તો ન રહે પણ આપના સિવાય કોઈનું ખેંચાણ પણ ન રહે. માયિક વિષયો, દેહધારી વ્યક્તિઓ તથા અવરભાવમાત્રનું આકર્ષણ ન રહે એવી કૃપા વહાવો. આપ મળ્યા પછી 'મેરે તો તુમ એક હી આધારા' એવી દૃઢતા થઈ જાય. હવે કોઈના આધારે જીવું નહીં. એક આપ જ મારો આધાર બની રહો એવી દયા કરો.

**"ચિંતામણિ સુંદર લાધી રે, રાંક થઈને શીદને ફરું."**

હે દયાળુ, હવે એકમાત્ર આપને જ પામી જવાની લગની લાગે, આપ જ મારું ઠરવાનું ઠામ બની રહો. આપ જ મારો આનંદ, આપ જ મારી આશા-અરમાન બની રહો. આપ જ મારી માલ-મિલકત, સંપત્તિ ને સમૃદ્ધિ મનાય. આપ જ મારા સુખાધાર બની રહો એવી આપના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ પ્રાર્થના.

હે દયાળુ, મને આપના સ્વરૂપનું નિરુત્થાનપણું તો વર્તે જ પરંતુ આપે મારા પર કેટલી કૃપા કરી છે ! દયાળુ, 'પુનરપિ જનનમ્, પુનરપિ મરણમ્, પુનરપિ જનની જઠરે શયનમ્.' આજ સુધી આવા કેટલાય દેહ ધરી દીધા. મહારાજ ! હું ગમે તેટલા પ્રયત્નો કરું કે દાખડો કરું છતાંય સ્વબળે દેહને છૂટો પાડી જ ન શકું. કદાચ મને સમજાય કે દેહ અને હું (ચૈતન્ય) બંને જુદા છીએ છતાં સ્વબળે હું દેહને જુદો રાખી જ ન શકું. આપે કેવળ કૃપાએ દિવ્યપુરુષ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી દ્વારા વચન આપ્યાં કે, 'તું દેહધારી જગતનો જીવ નથી. ચૈતન્યથી દેહ તદ્દન જુદો જ છે. તું શુદ્ધ ચૈતન્ય છે.' આ માત્ર જ્ઞાન નથી, વાસ્તવિકતા છે. આ વાસ્તવિકતાને દૃઢ કરાવવા આપની મારી પાછળ કેટલી મથામણ છે !

દયાળુ, આપ આટલી કૃપાથી ન અટક્યા પણ આપે મારું અર્થાત્ શુદ્ધ ચૈતન્યનું સ્વરૂપાંતર કરી અનાદિમુક્તની પદવી આપી આપની મૂર્તિમાં રાખી લીધો. દયાળુ, સ્વબળે દેહ છૂટવો પણ શક્ય ન હતું. શુદ્ધ ચૈતન્ય મનાવું પણ શક્ય ન હતું તો મને અનાદિમુક્ત કરી મૂર્તિમાં રાખ્યો છે આ આશીર્વાદને ઝીલી તે પ્રમાણે વર્તવા તો હું કેવી રીતે સક્ષમ હોત ! મહારાજ, આપે મને આપના જેવો કરી દીધો :

**"કોટિ કલ્પે ને કોટિ સાધને મળે નહિ;<br>વાતની વાતમાં હરિએ આપી રે દીધું."**

પુરુષોત્તમ જ પુરુષોત્તમરૂપ કરે તો જ પુરુષોત્તમરૂપ થવાય. દયાળુ, સત્પુરુષ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી દ્વારા આપે જે કરુણા ને કૃપા વહાવી છે તેને ઝીલવા હું પાત્ર બનું એવી દયા કરો. આ કરુણાને ઝીલવા મને નિરંતર અનુસંધાન રખાવો કે, 'હું (આત્મા) દેહ ને દેહના ભાવોથી તદ્દન અલિપ્ત છું. શુદ્ધ ચૈતન્ય છું. મને મુક્ત કરી મૂર્તિમાં રાખી જ લીધો છે.' દયાળુ, અવરભાવમાં રહેવા છતાં પણ મારું વર્તન અનાદિમુક્તના પદને છાજે તેવું કરું. બસ, આપના આપેલા આ આશીર્વાદ – 'દેહ છોડાવી શુદ્ધ ચૈતન્ય કીધો, મૂર્તિરૂપ કરીને મૂર્તિમાં લીધો.' એ મારા જીવનનો ધ્યેય બની જાય. મારા જીવનનું મધ્યબિંદુ બની જાય એવી કૃપા કરો દયાળુ.

**'આમ એટલે આમ જ' એ દૃઢતા એટલે જ નિરુત્થાનપણું.**


દેહસ્થાને પોતે સ્વયં પધાર્યા...

દેહસ્થાને પોતે સ્વયં પધાર્યા,
પ્રતિલોમ બિરાજી સ્નેહ વધાર્યા;
પ્રગટ પ્રત્યક્ષ આ રહ્યા શ્રીજી,
રોમ રોમ સુખ લેવું મૂર્તિમાં થીજી.

**પંક્તિ સમજૂતી**

કોઈ મોટી કંપનીમાં કામ કરનાર મજૂર સ્વબળે મહેનત કરતાં કરતાં કદાચ કારકુન, ઑફિસર, મૅનેજર એમ ક્રમશઃ આગળની પોસ્ટ ઉપર જઈ શકે. કદાચિત્ મહેનત કરતાં કરતાં CEO પણ બની શકે પરંતુ કદાપિ કંપનીના માલિક ન બની શકે. કંપનીના માલિક જાતે ન બની શકાય પણ માલિક જ સ્વયં પોતે રાજી થઈ પોતાનો વારસો આપી દે તો ઘડી વારમાં માલિક થઈ જાય. રંકમાંથી રાજા થઈ જાય. એમ આજ સુધી અનંત મુમુક્ષુઓએ તપ, જપ, વ્રત જેવી સાધના કરી... સાધનાના બળે કોઈને લૌકિક સિદ્ધિ મળી, તો કોઈને ઐશ્વર્ય પ્રાપ્તિ થઈ શકી છે. પરંતુ એનાથી સર્વોપરી ભગવાનની પ્રાપ્તિ અર્થાત્ આત્યંતિક મોક્ષની પ્રાપ્તિ અતિ દુર્લભ જ રહી છે. આત્યંતિક મોક્ષ તો પ્રગટ ભગવાનની કે સત્પુરુષની કૃપાથી જ શક્ય બને છે.

કાં તો પ્રગટ મળે ભગવાન રે,
કાં તો તેને મળેલે કલ્યાણ રે;
એહ વિના કોટિ ઉપાય રે,
મોક્ષ આત્યંતિક નવ થાય રે.

સત્સંગમાં આવનાર મુમુક્ષુ કહેશે કે, 'મહારાજની મારા પર આ બહુ મોટી કૃપા થઈ. પણ ખરેખર કારણ સત્સંગમાં આવનાર કોઈ પણ મુમુક્ષુ ઉપર મહારાજની અકારણ સૌથી મોટી વહાવેલી કૃપા એટલે જ સત્પુરુષની મળેલ ભેટ અને એમના દ્વારા થયેલી બહુ મોટી કૃપા એટલે...

દેહસ્થાને પોતે સ્વયં પધાર્યા,
પ્રતિલોમ બિરાજી સ્નેહ વધાર્યા;
પ્રગટ પ્રત્યક્ષ આ રહ્યા શ્રીજી,
રોમ રોમ સુખ લેવું મૂર્તિમાં થીજી.

મહારાજ મૂર્તિ રૂપે તો પ્રગટ મળ્યા છે પરંતુ કારણ સત્સંગમાં શ્રીજીમહારાજે મુમુક્ષુ પર સત્પુરુષ દ્વારા બહુ મોટી કૃપા કરી છે. દેહને ચૈતન્યથી જુદો કરી પુરુષોત્તમરૂપ અનાદિમુક્ત કરી પોતાની મૂર્તિમાં રાખી લીધો. અને દેહની જગ્યાએ સ્વયં પોતે આવીને બિરાજી ગયા. ચૈતન્યની એટલી પાત્રતા નથી કે એ મહારાજ સુધી પહોંચી શકે. કેવળ કૃપા કરી સ્વયં મહારાજ ચૈતન્ય સુધી પધાર્યા અને દેહને ઉડાડી દેહસ્થાને સ્વયં પોતે બિરાજી ગયા – '**પ્રતિલોમ બિરાજી સ્નેહ વધાર્યા.**' ચૈતન્યની કોઈ તાકાત નથી કે પાત્રતા પણ નથી કે તે દેહમાંથી પ્રીતિ તોડી મહારાજમાં પ્રીતિ કરી શકે. એ તો સ્વયં મહારાજ દેહને ઉડાડી દેહસ્થાને પ્રતિલોમપણે બિરાજી ગયા. જીવાત્માને સૌથી વધુ પ્રીતિ સગાંસંબંધી કે પંચવિષયમાં નથી; પોતાના દેહમાં જ હોય છે. માટે મહારાજે કળ વાપરી અને આપણને-ચૈતન્યને સૌથી વધુ સ્નેહ છે તેવા દેહને જ ઉડાડી તેની જગ્યાએ પોતે બિરાજ્યા. એમણે આપણી સાથે સ્નેહ કર્યો. હવે આપણે આ કોલ પર વિશ્વાસ રાખી પ્રૅક્ટિસ કરી મહારાજ સાથે સ્નેહ કરવાનો છે.

'પ્રગટ પ્રત્યક્ષ આ રહ્યા શ્રીજી...'

કારણ સત્સંગની છેલ્લી કૃપા એટલે જ પ્રતિલોમપણે શ્રીજીમહારાજનું બિરાજમાન થવાપણું. જે પ્રત્યક્ષપણે નિશ્ચયની ઉત્તમ દશા છે. સામાન્ય રીતે આપણી સામે જે મૂર્તિ છે તે જ પ્રગટ-પ્રત્યક્ષ છે. અનંત અનાદિમુક્તો, અક્ષરધામ, લાવણ્યતા વગેરે એ મૂર્તિ ભેળું જ છે. આવું સમજવું તેને પ્રત્યક્ષપણે નિશ્ચય કહીએ છીએ. પરંતુ આટલો નિશ્ચય અનાદિની સ્થિતિ માટે પૂરતો નથી કેમ કે તેમાં મહારાજ સામે રહ્યા. આપણી અને મહારાજ વચ્ચે અંતર રહ્યું. આવી સમજણથી દેહભાવ ન જાય. જ્યારે અહીં વ્હાલા ગુરુજીએ સર્વશ્રેષ્ઠ, સંપૂર્ણ અને અંતિમ સમજણ-લટક આપી : 'પ્રગટ પ્રત્યક્ષ આ રહ્યા શ્રીજી...' અહીં 'આ રહ્યા' શબ્દ પ્રતિલોમભાવનો છે.

ક્યાંક આપણે આવું જાણીએ છીએ છતાં આ શબ્દો આપણને આનંદ આપતા નથી તેનું કારણ શું છે ? તો, પ્રતિલોમપણે બિરાજેલા મહારાજનો આનંદ અને અહોભાવ તો જ રહે જો સામે રહેલી મહારાજની પ્રતિમા મૂર્તિને વિષે પ્રગટભાવ વર્તે. જેમ દિલ્લીમાં બેઠેલા નરેન્દ્રભાઈ મોદીનો મહિમા હોય તો તે ઘરે મહેમાનગતિએ આવે ત્યારે આનંદ આનંદ થાય; નહિ તો બીજાની મહેમાનગતિમાં અને એમની મહેમાનગતિમાં કાંઈ ફેર

ન પડે. ફેર મહિમાથી પડે છે. તેમ પ્રતિમા મૂર્તિને વિષે પ્રગટ-પ્રત્યક્ષભાવ અને મહિમા વર્તે તો એ મહારાજ પ્રતિલોમપણે બિરાજ્યાનો મહિમા સમજાય.

**‘રોમ રોમ સુખ લેવું મૂર્તિમાં થીજી...’**

અવરભાવ દેખાવા છતાં પરભાવનું સુખ કેવી રીતે સંભવે ? તો, મહારાજે આપણા પર જે કૃપા અને કરુણા વહાવી છે તે પ્રાપ્તિનો વિચાર કરી અહોભાવમાં ડૂબવાથી જે આનંદ, કેફ, મસ્તી ઊપજે એ જ આપણા માટે અવરભાવમાં મૂર્તિનું સુખ. આમ, આનંદની ભૂમિકાની સાતત્યતા થતાં મહારાજ પોતાની મૂર્તિનું સુખ છોડવા લાગે છે. એ આનંદનો અનુભવ પછી આપણને મૂર્તિના સુખના અનુભવમાં થિજાડી દે છે.

**પંક્તિ આધારિત પ્રાર્થના**

હે મહારાજ... હે કૃપાનિધાન, આપે કરુણાની તો હદ વાળી દીધી દયાળુ. આપે મને... મને... (ચૈતન્યને) અનાદિમુક્તની પંક્તિમાં ભેળવી દીધો ! આ હાડ-માંસ-રુધિરથી ભરેલા દેહને જ્ઞાને કરીને છૂટો પાડી આપ કેવળ મને સુખિયો કરવા દેહસ્થાને બિરાજી ગયા !

દયાળુ, જેવું મારે દેહ સાથે એકમેકપણું-ઓતપ્રોતપણું હતું એવું દયાળુ, એકમેક અને ઓતપ્રોતપણું આપે સામે ચાલીને મુજ અનાદિમુક્ત સાથે કર્યું ! ફાવી ગયો હું તો ફાવી ગયો. હે નાથ ! આપને પ્રતિલોમપણે બિરાજમાન કરવા નથી મેં કોઈ સાધન કર્યાં, નથી કર્યાં જપ, તપ કે વ્રત. અરે દયાળુ, આપ પધારો એવી પ્રાર્થના પણ ક્યાં કરી હતી ? અને કરું તોપણ આપ સુધી કાંઈ પહોંચે તેમ પણ ક્યાં હતી ? કેવળ ને કેવળ કૃપા કરી મને આગવા સ્નેહથી ભીંજવવા આપ સ્વયં પરભાવી સ્વરૂપ સામે ચાલી પ્રતિલોમપણે બિરાજી ગયા.


દયાળુ, આપ મારા પર એટલા અઢળક વરસ્યા છો કે આજે આપની કૃપાનું જ બનેલું સ્વરૂપ હું થઈ ગયો છું. મારું અલગ અસ્તિત્વ જ ન રહ્યું. આપની કૃપા એ જ મારું અસ્તિત્વ બની ચૂક્યું છે. મૂર્તિમાં રાખવા માટે આપે મને આપ સુધી ન બોલાવ્યો. એટલોય દાખડો આપે મારા માટે ન રાખ્યો. સામે ચાલીને દેહને ઉડાડી દેહસ્થાને બિરાજી ગયા. આપની મૂર્તિમાં રાખવાપણું આ કૃપાનો વિચાર જ મને આપ વિષે અતિશે સ્નેહ ઉપજાવે છે.

હવે દયાળુ, આપથી હું જરા પણ છેટો નથી. પ્રગટ અને પ્રત્યક્ષપણે આપ પ્રતિલોમપણે બિરાજ્યા છો. હવે આપની તથા ગુરુજીની આજ્ઞા, મરજી, રુચિમાં નિરંતર વર્તું, જાગૃતિપૂર્વક આપનું પ્રતિલોમપણે પ્રગટ-પ્રત્યક્ષપણું કેળવી શકું એવી ખૂબ કૃપા વહાવો. નિરંતર અહોભાવમાં રાચું કે મને કોણ મળ્યું છે ? અને કેવો કર્યો છે ? દેહસ્થાને આપ બિરાજ્યા છો એ કૃપાનું અનુસંધાન રાખી શકું. નાશવંત આ દેહ અને દેહના ભાવોનું મનન-ભજન ન કરું. દેહભાવમાં ન સબડાતાં વાસ્તવિક સ્વરૂપ એવી આપની મૂર્તિમાં નિરંતર રાચ્યા કરું એવી ખૂબ ખૂબ કૃપા ને કરુણા વરસાવો.

દયાળુ, અવરભાવ દેખાય છે, મૂર્તિમાં રાખ્યા છતાં મૂર્તિનો આનંદ કે તેનું સુખ મને અનુભવાતું નથી. કારણ, હું આપની થયેલી કૃપા અને કરુણાનો વિચાર કરતો નથી. જેમ આ લોકમાં કોઈ વ્યક્તિના ખાતામાં ૫૦૦ કરોડ પડ્યા છે પણ સમયે તે ભૂલી જાય અને એક-બે લાખના નુકસાનમાં રોદણાં રોવે અથવા કોઈના બે-પાંચ લાખ રૂપિયા જોઈને લલચાઈ જાય તો સમજવું પોતાની પાસે જે છે તેનો ખ્યાલ તે વ્યક્તિને રહેતો નથી કે મારા ખાતામાં ૫૦૦ કરોડ પડ્યા છે. જો ૫૦૦ કરોડનું જાણપણું હોય તો એક-બે લાખનું નુકસાન તેને અડે નહિ કે આનંદ ઓછો થાય નહીં.

હે મહારાજ, હે ગુરુજી, આપે તો ૫૦૦ કરોડ નહિ, મને જૅકપૉટ લગાડી દીધો છે. કૃપાના મહાસાગરમાં ડુબાડી દીધો છે પણ હું લૌકિક સુખની વાંછના અને ચાહનામાં તથા આ લોકના દુઃખની દ્વિધામાં મને જૅકપૉટ લાગ્યો છે તે ભૂલી જઈ રોદણાં રોઉં છું. દુઃખી દુઃખી થઈ જઉં છું એટલે મળેલી પ્રાપ્તિના આનંદને માણી શકતો નથી. બસ, હે દયાળુ ! આપે વહાવેલી કૃપાનો, મને થયેલી અદ્‌ભુત પ્રાપ્તિનો વિચાર નિરંતર રહે એવી કૃપા કરો. અવરભાવ ભૂલી પરભાવ આકારે થઈ શકું એવી કૃપા કરો દયાળુ. આપે વહાવેલા સ્નેહસાગરમાં ભીંજાઈ શકું એવી પાત્રતા બક્ષો.

# પૂરણકામે અતિ પૂરણ કર્યો...



પૂરણકામે અતિ પૂરણ કર્યો,
કામના ન રાખી એનો આનંદ નર્યો;
કર્તા બન્યા છો અકર્તા જ છું હું,
કર્યું કરો કરશો નિશ્ચિંત રહું હું.

### પંક્તિ સમજૂતી

આ પંક્તિમાં મુક્તનો મહારાજ સાથેનો ગહન સંવાદ સમાયેલો છે. મુક્ત અત્યંત પ્રેમવિભોર થઈ મહારાજ સાથે મીઠી ગોષ્ઠિ કરે છે. આ ગોષ્ઠિનો ગલિતાર્થ પૂર્ણકામપણાની અભિવ્યક્તિ કરવાનો છે.

મુક્તએ મહારાજને 'પૂરણકામ' એવા ઉપનામે સંબોધી ગર્ભિત રીતે મહાપ્રભુની સર્વોપરીતા અને પૂર્ણતાનું દર્શન કરાવ્યું છે. મુક્ત મહારાજને ઉદ્દેશી આનંદવિભોર થઈ કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરે છે કે, હે મહારાજ ! આપ પૂર્ણ સ્વરૂપ છો કેમ કે આપ કોઈના કર્યા થયા નથી. આપ પૂરણકામે મને પણ પૂર્ણકામ કરી દીધો. કાંઈ ખામી રહેવા દીધી નહિ, કાંઈ અધૂરાપણું રહેવા દીધું નહીં. પુરુષોત્તમરૂપ એવો અનાદિમુક્ત કર્યો !! આપનો નંબર પહેલો ને મારો-અનાદિમુક્તનો નંબર બીજો. છેલ્લામાં છેલ્લી પદવી આપી દીધી. હવે મારે કાંઈ કરવાનું બાકી નથી. હજુ મારે સ્થિતિ કરવાની બાકી છે; તે પણ અધૂરું માન્યું કહેવાય. વ્હાલા ગુરુજીએ પ્રતિલોમયાત્રામાં આપેલ છેલ્લું સ્ટેપ – દેહ જ નથી તો છૂટા શેનાથી પડવાનું અને મૂર્તિ જ છે તો જોડાવાનું ક્યાં રહ્યું ! આ પૂર્ણકામપણાની ઉત્તમ દશા છે. આમ, આ પંક્તિ મુક્તને અનુભવાતા પૂર્ણકામપણાનો પડઘો છે.

મહારાજ અને વ્હાલા ગુરુજીએ આપણી પર પણ આવી જ અનરાધાર કરુણા વરસાવી છે. ત્યારે નિઃસંદેહપણે પોતાને પૂર્ણકામ માનવું. ગમે તેવાં દેહનાં દોષ, સ્વભાવ, પ્રકૃતિ દેખો દઈ જાય તોપણ 'એ દેહના ભાવો છે, મારા નથી, હું એથી તદ્દન જુદો અનાદિમુક્ત છું.' આવી પૂર્ણકામપણાની ઠાવકી ઘેડ્ય પાડી દેવી. કારણ કે અધૂરું માનવાથી પૂર્ણ કદી ન થવાય. પૂર્ણકામપણાના ભાવમાં રહ્યા થકા રાજીપાનાં સાધનો કર્યા કરવાથી અપૂર્ણતા ધીરે ધીરે ટળે છે અને પૂર્ણ સ્થિતિ તરફ આગળ વધાય છે. માટે સિદ્ધદશા પામવાની આ પૂર્વશરત છે.

આવા પૂર્ણકામપણાના ભાવમાં રહેવાથી મુખ્ય બે પરિણામ મળે અથવા મળવા જોઈએ; એ જ ખરી પ્રૅક્ટિસનું પ્રતીક છે. (૧) કામના જાય (No Desire). એક મહારાજની મૂર્તિ સિવાયની કાંઈ ઇચ્છા, વાસના, અપેક્ષા, કામના ન રહેતાં નિર્બંધતાનો આનંદ વર્તે. (૨) કર્તાપણું જાય (Non Doer). મૂર્તિમાં રહ્યા પછી પોતાનું કર્તાપણું ટળે ને મહારાજ જ સંપૂર્ણ કર્તા છે તેવું વર્તે. પરિણામે ભૂત-ભવિષ્યની ચિંતા રહિત રહેવાય. નિર્ભયતા અને નિશ્ચિંતતા વર્તે.

માટે અનાદિમુક્તની સ્થિતિના માર્ગે ચાલતા મુમુક્ષુ જે ધ્યાનસાધના, ભજન-ભક્તિ દ્વારા પ્રયત્નશીલ રહેતા હોય તેમણે સર્વે સાધન પૂર્ણકામપણામાં રહીને કરવાં તો મહારાજ સિવાય બીજી કોઈ ઇચ્છા, કામના, વાસના ન રહે.

એ જ રીતે સર્વે ક્રિયામાં પોતાનું કર્તાપણું ભૂલી મહારાજને કર્તા સમજવા જેથી નિરાંત અને નિર્ભયતા વર્તે. આવો, મહાપ્રભુને પ્રાર્થના દ્વારા રીઝવી પૂર્ણકામપણામાં રાચવાની યાચના કરીએ.

### પંક્તિ આધારિત પ્રાર્થના

હે મહારાજ, અનંતકોટિ બ્રહ્માંડમાં પૂર્ણ સ્વરૂપ એક આપ જ છો !! આનંદની વાત એ છે કે પ્રભુ આપ મળ્યા પછી હવે મારે માથે જન્મમરણનું ચક્કર તો નથી પરંતુ વ્યતિરેક સંબંધવાળા ચાલોચાલ ભક્ત, એકાંતિક ભક્ત અને પરમએકાંતિકથીય મને મોટો કીધો !! આપનાથી બીજા નંબરની અનાદિમુક્તની પૂરણ પદવી આપી દીધી !! આપે મને આપના જેવો પુરુષોત્તમરૂપ કર્યો !! આપના જેવું રૂપ અનંતકોટિ બ્રહ્માંડોમાં કોઈની પાસે નથી એવું સુંદર રૂપ મને આપ્યું. આપના જેવો આકાર અનંતકોટિ બ્રહ્માંડોમાં કોઈની પાસે નથી એવો દિવ્ય આકાર મને આપ્યો. આપના જેવું સુખ અનંતકોટિ બ્રહ્માંડોમાં કોઈને નથી એવું અલૌકિક સુખ મને આપ્યું. જે સુખ આગળ અનંતકોટિ બ્રહ્માંડોનાં સઘળાં સુખ ભેગાં કરીએ તોપણ તેની કોટિમા ભાગની પાસંગમાં પણ ન આવે મહારાજ !!

એવા આપ પૂરણ સ્વરૂપ, દિવ્યાતિદિવ્ય સ્વરૂપ, ભવ્યાતિભવ્ય સ્વરૂપ, અતિ સુંદર, અતિ મનોહર, અતિ સૌમ્ય મૂર્તિ મને કૃપા કરી પ્રતિલોમભાવે મળ્યા !!

સર્વેનું કારણ રે, મળિયા ચિંતામણિ રે,
હવે જે જે ચિંતવિયે તે હોય રે.

અનંતકોટિ બ્રહ્માંડના અનંત જીવોનાં નાડીપ્રાણ જેના હાથમાં છે એવા સર્વોપરી મહારાજ આપ મને મળ્યા !! પછી કઈ સ્પૃહા !! કઈ ઇચ્છા !! કઈ કામના !! કઈ વાસના !! કઈ અપેક્ષા



અનંતકોટિ બ્રહ્માંડમાં પૂર્ણ સ્વરૂપ એક શ્રીજીમહારાજ જ છે.

રહે !! આપનાથી અધિક, આપથી પર, આપથી સુંદર, આપથી ભવ્ય, આપથી ગુણિયલ, આપથી શાશ્વત આ લોકમાં કાંઈ નથી, કોઈ નથી.

પરંતુ, હે પૂરણ સ્વરૂપ પરમાત્મા, આ બધું જ જ્ઞાન માત્ર સમજવામાં અને અન્યને કહેવામાત્ર જ છે. કારણ કે મેં માર્ગ તો જુદો જ પકડ્યો છે. સાચા સુખનું જ્ઞાન હોવા છતાં અનાદિકાળના અજ્ઞાનને લઈ હજુય મારી દોટ માયિક પંચવિષયનાં ભૌતિક સુખો મેળવવા પાછળની જ બની રહી છે.

હે પૂર્ણ પુરુષોત્તમનારાયણ ! આપ પૂર્ણ સ્વરૂપ મળ્યા પછીય મારી વૃત્તિ તો એવાં કાર્યો કરવામાં જ ભટકતી ફરે છે જેમાંથી મને માન મળે, સન્માન મળે, વખાણ મળે, પ્રશંસા મળે, યશ, કીર્તિ, નામના મળે ને સત્તા-અધિકાર-પદવી મળે, મનપસંદ વ્યક્તિ, વસ્તુ અને સ્થાન મળે, મારા ગુણાનુવાદ થાય, હું સારો દેખાઉં. અને એ પામવા ઘણું કરવા છતાં ન મળે તો દુઃખી દુઃખી થઈ જઉં છું પ્રભુ ! ઉદાસીનતા મને ઊધઈની જેમ કોરી ખાય છે. નેગેટિવિટીનું ભૂત વળગે છે. બીજાની આગળ રોદણાં રોઉં છું ને અન્યને દોષારોપણ કરું છું. અંતે બિનજરૂરી સમય વેડફી એ જ અપેક્ષા સંતોષવા ફરી દોડધામ આદરું છું. કેવી અજ્ઞાનતામાં જીવું છું પ્રભુ !! શ્રેષ્ઠતાની અને નાશવંતતાની સમજણ હોવા છતાં નાશવંત પાછળ જ લટ્ટુ બની દોડ્યા કરું છું અને શ્રેષ્ઠતા મળી હોવા છતાં તેને માણી શકતો નથી.

આ ઈચ્છા-અપેક્ષારૂપી કારણ-મહાકારણ દેહના રાગે કરી મેં અનંત જન્મો ધર્યા !! હવે મને સાચા સુખને પ્રાપ્ત કરવા માટેની ભૂખ જન્માવો. આ સંસારનાં ભૌતિક સુખો મેળવવા તરફ મારી વૃત્તિ જ ન ખેંચાય એવી કૃપા કરો કરુણાનિધાન !!

અનંતાનંત જીવો આત્યંતિક કલ્યાણ માટે જપ-તપ-સાધન કરી દેહને સૂકવી નાખે છે તોય આપની પ્રાપ્તિ નથી થતી અને આપે અનરાધાર કરુણા વહાવી વગર સાધને મને આપની પસંદગીનું પાત્ર બનાવ્યું !! આપની ઓળખાણ કરાવી ! આપે કૃપાસાધ્યમાં લઈ અનાદિની પદવી આપી કૃતાર્થ કરી દીધો !! આવો પૂર્ણકામપણાનો વિચાર નિરંતર રખાવજો કૃપાનિધાન !!


બીજું, હે મહારાજ ! આપે મને મૂર્તિમાં થિજાડી દીધો પછી મારું જુદું અસ્તિત્વ જ ક્યાં રહ્યું મહારાજ ? આપે મને સંપૂર્ણ અકર્તા બનાવી દીધો. હવે હું કાંઈ ન કરી શકું મહારાજ !! આંગળી હલાવવાનીય સત્તા મારી પાસે ન રહેવા દીધી. મને કેટલો નિશ્ચિંત કરી દીધો !! ક્રિયા, વ્યવહાર, પ્રવૃત્તિ જ ચિંતા ઊભી કરનારી છે. હવે મારે કોઈ ક્રિયા, પ્રવૃત્તિ, વ્યવહાર કરવાનાં જ ન રહ્યાં. બધું આપ જ કરો છો. પછી મારે શાની ચિંતા ?? ઘરમાં લગ્નપ્રસંગ હોય કે મંદિરના સમૈયા-ઉત્સવ; મારે ક્યાં માથે ચિંતા લઈને ફરવાની જરૂર છે ? હું નિશ્ચિંત રહું, આપને કર્તા માનું ને રાખું. પરંતુ મહારાજ, મને માફ કરો. હજુય હું દેહાભિમાનના યોગે કરી અહમ્‌ના કોચલામાંથી બહાર નીકળતો નથી. ‘હું કરીશ, મારે કરવાનું છે’ આવા કર્તાપણાના અહંકારમાં રાચી વધુ ને વધુ દેહભાવની પુષ્ટિ કરવાનું અધમ પાપ કરું છું. પરંતુ આપ કોઈ પણ વિપરીત સંજોગ-પરિસ્થિતિ મૂકી મારા અહંકારી બીબાને તોડી નાખો મહારાજ !! આ મારું પોતાનું કર્તાપણું મને નિરહંકારી, નિર્ભય અને નિશ્ચિંત બનવામાં વિઘ્નકર્તા બનશે. અને નિરહંકારી, નિર્ભય સ્થિતિ પ્રાપ્ત કર્યા વગર મૂર્તિસુખમાં કેમ કરી ઠરાશે મહારાજ !!

વળી મહારાજ, અવરભાવમાં સારું થાય તો આનંદિત અને નરસું થાય તો ઉદાસ થઈ જવાય છે. પરંતુ બધું આપ જ કરી રહ્યા છો એવું આપનું કર્તાપણું દઢ કરાવો. જેથી બંને સંજોગોમાં મને સાક્ષીભાવ દઢ થાય. સ્થિતપ્રજ્ઞ બનાય. આપ જે કરો તે હેતુસભર ને હિતકારી જ હોય મહારાજ !!

જેમ કોઈ ડ્રાઈવર ૧૨૦ની સ્પીડમાં ગાડી ચલાવે તોપણ એ જ કર્તા છે. સીધી ૬૦ પર લઈ જાય તોય એ જ કર્તા છે. શૉર્ટ બ્રેક મારી દે તોય એ જ કર્તા છે. સાક્ષીભાવે પૅસેન્જર તરીકે મારે આ બધું અંદર બેઠા થકા જોયા જ કરવાનું હોય. ગાડીમાં ૩૦-૪૦ પૅસેન્જર બેઠા હોય તો બધા સાક્ષી છે. એક ડ્રાઈવર જ કર્તા છે. બસ, મારા કેસમાં આવું જ છે. આપ મારી અવરભાવરૂપી જીવનગાડીના ડ્રાઈવર છો. તેને સ્પીડમાં દોડાવો તોય ભલે ને ક્યાંક પ્રગતિ અટકાવવા બ્રેક મારી દો તોય ભલે. પરંતુ કર્તા તો આપ જ છો. એવા સમયે પણ મને અકર્તાભાવ જ રહે. ‘આમ કેમ કર્યું ?’ એવો વિચાર કદી ન જન્મે. ડ્રાઈવરની જેમ આપ હિતકારી જ સ્વરૂપ છો. આપ જ અમારા આધાર છો. આપ જ સંપૂર્ણ કર્તા છો એવું નિરુત્થાનપણું દઢ કરાવો.

‘દાસના દુશ્મન હરિ કદી હોય નહીં.’ બસ, વિપરીત સંજોગ પણ ભવિષ્ય માટે સુખરૂપ બનીને જ આવશે એવી આપની અકળ કળાને હું પારખી શકું એવી દયા કરો... દયા કરો... દયા કરો....

દુઃખમાત્રનું મૂળ કામના છે.


રમેશ
દીકરો
પટેલ
પિતા
પુરુષ
પતિ
લાંબો
ગોરો
માયિક આકાર જોવા ચિંતવવા છોડી...

માયિક આકાર જોવા ચિંતવવા છોડી,
દેખાવામાત્ર જાણી નાખું હું તોડી;
પરભાવ જ પરમ સત્ય મનાય,
દર્શન ચિંતવન બસ એનું જ થાય.

**પંક્તિ સમજૂતી**

વ્યક્તિ, વસ્તુ, પદાર્થ કે સ્થાન તો વાસ્તવિક સ્વરૂપે તેની મૂળ સ્થિતિમાં જ હોય છે પરંતુ આપણો તેની પરત્વેનો દષ્ટિકોણ જ આપણા અને બીજાના સુખ-દુઃખનું કારણ બની રહે છે. જગતમાં તો જે તે વસ્તુ, વ્યક્તિને પૂર્વાગ્રહો મૂકી તટસ્થ તેમજ પૉઝિટિવ દષ્ટિએ જોવાં એ પ્રાથમિક સુખની ચાવી છે. પરંતુ કારણ સત્સંગમાં વિશેષ એ છે કે દેખાય છે જુદું અને સમજવાનું છે જુદું. અવરભાવ અને પરભાવ એ કારણ સત્સંગની સ્પેશ્યાલિટી છે. અવરભાવ એટલે કે માયિક આકારનું ચિંતવન છોડી પરભાવનું ચિંતવન કરી સુખિયા રહેવું એ કારણ સત્સંગનું નવનીત છે. હવે તપાસીએ આપણો દષ્ટિકોણ. આપણું મનન-ચિંતન અવરભાવનું અર્થાત્ માયિક આકારનું છે કે પરભાવનું ? અર્થાત્ દેહભૂમિકા પર રહેવાય છે કે આત્મભૂમિકા પર રહીએ છીએ ? એ જ આપણી પરભાવની યાત્રાનો આધારસ્તંભ છે.

અનાદિકાળથી જીવમાત્રને એક આદત થઈ ગઈ છે કે દેખાય છે તેવું સમજી લેવું, તેવું જ મૂલવી લેવું. અવરભાવ જ આપણો ફોકસ-પૉઈન્ટ (મધ્યવર્તી બિંદુ) બની રહ્યો છે. એટલે જ અવરભાવ ટળતો નથી અને પરભાવ દૃઢ થતો નથી. અવરભાવ એટલે શું ? જેવું ચર્મચક્ષુએ દેખાય, મનાય, સમજાય અને અનુભવાય તે બધો અવરભાવ. અવરભાવ, માયિકભાવ, લૌકિકભાવ આ બધા સમાનાર્થી શબ્દો છે. પરભાવ એટલે શું ? જેવું દેખાય તેવું નહિ પરંતુ મહારાજ અને મોટાની દષ્ટિએ જોવું, સમજવું અને અનુભવવું એટલે પરભાવ. પરભાવ, દિવ્યભાવ, અલૌકિકભાવ આ બધા સમાનાર્થી શબ્દો છે.

જેવું દેખાય છે તેવું જ સમજવું તે તો જગતની રીત છે. પરંતુ હવે કારણ સત્સંગમાં મહારાજ કૃપા કરીને લાવ્યા અને દિવ્યપુરુષ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના જોગમાં રાખ્યા પછી દેખાય તેવું સમજવું નહિ પણ દિવ્યદૃષ્ટિએ, જ્ઞાનચક્ષુએ વાસ્તવિકતાની ઠાવકી ઘેડ્ય પાડવી એ કારણ સત્સંગી તરીકેની રીત છે.

આ પંક્તિ દ્વારા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી આપણને પાંચેય સ્વરૂપને વિષે માયિકભાવ છોડી પરભાવની દઢતા કરવાનો આગ્રહ કરી રહ્યા છે.

શ્રીજીમહારાજના સ્વરૂપને વિષે અવરભાવ છોડી પરભાવની દઢતા કરવી એટલે શું ? તો મહારાજની મૂર્તિ જેનાં દર્શન કરીએ છીએ તે આરસ, પાષાણ, કાષ્ઠ કે ચિત્ર પ્રતિમા દેખાય છે પણ તે દેખાતા ભાવને ધ્યાન પર ન લેતાં મહારાજ દિવ્ય તેજના સમૂહ મધ્યે સાક્ષાત્ બિરાજમાન છે, પ્રગટ અને પ્રત્યક્ષ છે એ ભાવ લાવી દર્શન, સેવા, સમાગમ અને પ્રાર્થના કરવી એ પરભાવની દઢતા કરી કહેવાય.

મોટાપુરુષના સ્વરૂપને વિષે અવરભાવ છોડી પરભાવની દઢતા કરવી એટલે શું ? તો મોટાપુરુષને વિષે મનુષ્યપણાના ભાવ જણાય; ઊંઘ, ભૂખ, થાક, ઉંમરના ભાવો જણાય; નાદુરસ્તી જણાય તે બધો અવરભાવ છે. આવા અવરભાવના ભાવો ન પરઠતાં તેઓ દિવ્ય છે, અખંડ મૂર્તિમાં છે તેવો પરભાવ સમજવો. તેઓ જે કરે છે તે આ લોકની દેહધારી વ્યક્તિ કરી શકે જ નહિ તેવા દિવ્યભાવે તેમનાં દર્શન કરતાં સહેજે અનુભવાય કે તેમના સંપૂર્ણ કર્તા શ્રીજીમહારાજ છે. આ મોટાપુરુષને વિષે પરભાવની દઢતા કરી કહેવાય.

સંતો-ભક્તોના સ્વરૂપને વિષે અવરભાવના ભાવો છોડી પરભાવની દઢતા કરવી એટલે શું ? તો સંતો-ભક્તોમાં દેખાતા ઉપલક સ્વભાવ-પ્રકૃતિ, દૈહિક દોષો એ બધો અવરભાવ છે. આ ઉપલક સ્વભાવ-પ્રકૃતિ પર દૃષ્ટિ ન કરતાં તેમના ચૈતન્યને મહારાજે અનાદિમુક્ત કરી મૂર્તિમાં રાખ્યો છે, એ પુરુષોત્તમરૂપ અનાદિમુક્ત છે. જે સ્વભાવ-પ્રકૃતિ કે દોષ દેખાય છે એ તેમના દેહના છે. વાસ્તવિકતાએ તેઓ અનાદિમુક્ત જ છે એવો પરભાવ સમજવો.

સ્વ-સ્વરૂપને વિષે અવરભાવના ભાવો છોડી પરભાવની દઢતા કરવી એટલે શું ? તો દેખાતું જે શરીર તે અવરભાવ. વાસ્તવિકતાએ હું દેહ નથી, આત્માથી દેહ તદ્દન જુદો છે. હું શુદ્ધ ચૈતન્ય છું. ચૈતન્યને અર્થાત્ મને અનાદિમુક્ત કરી મૂર્તિમાં રાખ્યો છે આ પરભાવ. આ પરભાવની દઢતા આપણે કરવાની છે. પાંચમું, સ્થળ-સ્થાનને વિષે પરભાવની દઢતા કરવાની છે. મહારાજે આપણને અનાદિમુક્ત કરી મૂર્તિમાં રાખ્યા પછી અવરભાવના કોઈ સ્થળ-સ્થાન રહેતાં નથી. એક મૂર્તિ ગામ રહે છે. બાકી અવરભાવનાં ગામ, શહેર, દેશ બધું ઊડી જાય છે. અનાદિમુક્ત દેહમાં ન રહી શકે તો પછી અવરભાવનાં ગામ, ઘર કે સ્થળમાં કઈ રીતે રહી શકે ? માટે અવરભાવમાત્ર નથી.

તેમ છતાં મહારાજ અને મોટાપુરુષના ચરણસ્પર્શથી પ્રસાદીભૂત થયેલા દિવ્ય સ્થાનોને વિષે દિવ્યભાવે દર્શન કરવાં.

પરંતુ પરભાવ તરફ દૃષ્ટિ ન કરતાં પાંચેય સ્વરૂપમાં અવરભાવ જ પરઠાય તો નર્યાં ઉદ્વેગ-અશાંતિ જ વર્તે. અકારણ અંતરમાં દુઃખ, ખિન્નતા વર્તે. સામેના પાત્રોમાં દોષો-સ્વભાવો પરઠતાં પરઠતાં પોતાના દોષો-સ્વભાવો વધવા માંડે, નકારાત્મક વિચારો જ આવ્યા કરે. આવા પરભાવી સ્વરૂપોની વચ્ચે રહેવા છતાંય આનંદ તો ન આવે પણ અભાવ-અવગુણ આવ્યા કરે. અંતરમાં અર્ધબળેલા કાષ્ઠની પેઠે ધૂંધવાયા કરે.

ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી કહેતા હોય છે કે, આપણે મહારાજ વખતેય હતા, બાપા વખતેય હતા, સદ્‌ગુરુ વખતેય હતા. આ ચોથી વખત આવ્યા છીએ. આપણા ચાર ચાર વખતના રિપિટેશનનું કારણ પાંચેય સ્વરૂપના પરભાવી નિરુત્થાનપણાની કચાશ છે. જે દેખાય છે તેવું સમજી લીધું, માની લીધું પણ મહારાજ અને મોટાએ આપેલાં કોલ-વચન પર વિશ્વાસ ન રહ્યો.

અવરભાવ અવાસ્તવિક છે. પરભાવ જ વાસ્તવિક છે. છતાં દેખાય તો અવરભાવ જ છે. એ દેખાતા અવરભાવને ખોટો કઈ રીતે કરવો ? તો, વાસ્તવિક સમજણની દૃઢતા કરવી કે અવરભાવ ફેઈક (fake) છે, નરી ભ્રાંતિ (Illusion) છે, ટૅમ્પરરી (ક્ષણિક) છે; કાયમી નથી. આ વિચારોએ કરીને અવરભાવ પરથી ધ્યાન ખેંચી લેવું. તેના પર ફોકસ જ ન કરવું. જેમ રાત્રે સૂતી વખતે એલાર્મ ઘડિયાળના કાંટાનો ટક ટક અવાજ આવતો હોય તેના પર ધ્યાન કેન્દ્રિત કરીએ તો અવાજ આવશે. પરિણામે ઊંઘ બગડે, ઉદ્વેગ-અશાંતિ વર્તે, ગુસ્સો આવે પણ તે કાંટાના અવાજ પર ધ્યાન જ ન આપીએ તો બાજુમાં સૂતેલી વ્યક્તિનાં નસકોરાં પણ નહિ નડે. તેમ અવરભાવમાં સ્વનાં અને સૌનાં દોષ-સ્વભાવ-પ્રકૃતિ દેખાવાનાં પણ તે કોઈના પર ધ્યાન કેન્દ્રિત ન કરતાં તેમના પરભાવ તરફ દૃષ્ટિ કરવી. પરભાવને પરમ સત્ય માની પરભાવનું જ મનન-ચિંતન થાય તો જ અનાદિમુક્તની સ્થિતિની યાત્રા દિન-પ્રતિદિન કપાતી જશે.

**પંક્તિ આધારિત પ્રાર્થના**

હે મહારાજ, ચર્મચક્ષુએ જે દેખાય છે તે બધો જ અવરભાવ, માયિકભાવ છે. દયાળુ, આજ સુધી સ્વમાં અને સામે અવરભાવ જોઈ તેનું મનન કરીને પાકો જ કર્યો છે. 'હું આવો ને સામે પણ આવા.' આ અવરભાવી વિચારો મારા માનસપટ પરથી એક સેકન્ડ માટે પણ ખસતા નથી. સ્વમાં ને સૌમાં અવરભાવ પરઠી પરઠીને જ મને રિપિટેશન મળ્યું છે. આ વખતેય આવા યોગમાં હું ક્યાં સુખી રહું છું ? હિમાલયમાં બેઠા છતાં નરી ગરમીનો જ અનુભવ થતો હોય તેમ આવો કારણ સત્સંગનો યોગ એ હિમાલય સમાન છે. તેમાં રહેવા છતાં અંતરમાં નર્યાં ઉદ્વેગ, અશાંતિ, અકળામણ, અથડામણરૂપી ગરમી જ લાગેલી રહે છે. કારણ, દરેક પરભાવી સ્વરૂપમાં માયિકભાવનું જ મનન-ચિંતન.

કેટલી સામાન્ય અને ક્ષુલ્લક બાબતોમાં હું માયિકભાવોને ઘૂંટી નાખું છું. જેમ કે, 'પેલા કેટલા ગુસ્સાવાળા છે. તેનાથી દૂર જ રહેવું હોં', 'આ તો ધાર્યું કરવાવાળા છે', 'જોજે આપણું એક કહ્યું નહિ માને', 'એમના સ્વભાવના કાયમ પ્રશ્નો જ હોય છે', 'આમને સેવા સોંપી પણ આજ સુધી કદી ચોકસાઈપૂર્વક કરી નથી.' આવા માયિકભાવ પરઠી પરઠીને સ્વ ને સૌમાં કેટલી દૃઢ ધારણાઓ બાંધી દીધી કે હું બીજાને પણ તે કહેતો ફરું છું.

દયાળુ, આજ સુધી હેરાન-પરેશાન જ થયો છું. મારા ટૅન્શનનું, ફ્રસ્ટ્રેશનનું, એકલવાયાપણાનું, બ્લડપ્રેશર, ડાયાબિટીસ સર્વેનું મૂળ કારણ આ જ છે. વળી, સૌ અનાદિમુક્તો સાથે મારા ખાટા અને કડવાશભર્યા સંબંધોનું કારણ પણ આ જ છે — સ્વ ને સૌમાં માયિકભાવનું મનન-ચિંતન. દયાળુ, મને મારી ભૂલ સારી રીતે સમજાઈ ગઈ. દયા કરો દયાળુ, મને બળ આપો. આપના વચનોમાં નિરુત્થાનપણું કરાવો.

હવે મને પાંચેય સ્વરૂપમાં માયિકભાવ પરઠાય જ નહિ, જેમ લીંબુ જેવા નજીવા પદાર્થની કેવી ઠાવકી ઘેડ્ય પડી ગઈ છે તેમ મને પાંચેય સ્વરૂપમાં પરભાવની એવી દૃઢતા કરાવો કે ગમે તેવી સ્થિતિ-પરિસ્થિતિ કે લીલામાં હું ડગમગી ન જઉં. અવરભાવને નજરઅંદાજ કરી પરભાવ જ પરમ સત્ય માનું.

બસ, હે દયાળુ, મને આપના વચને પાંચેય સ્વરૂપના પરભાવની ઠાવકી ઘેડ્ય પડે તે માટે પરભાવનું જ દર્શન, પરભાવનું જ મનન, પરભાવનું જ ચિંતવન કરી પરભાવ જ પાકો કરી શકું એવી ખૂબ દયા કરો.



જ્ઞાનચક્ષુએ સમજાય તે કારણ સત્સંગની રીત છે.


અવરભાવમાત્ર નર્યો વિષ્ટા જ જેવો...

અવરભાવમાત્ર નર્યો વિષ્ટા જ જેવો,
ચૂંથાય નહિ સમજી હોય જ એવો;
સ્વ ને સામાને દુઃખથી જ ભરે,
પરભાવ ચિંતવું સદા સુખિયા જ કરે.

### પંક્તિ સમજૂતી

‘વિષ્ટા !!!’ નામ સાંભળતાં જ મોં બગડે. માંહીથી સૂગ ચડે, ચીતરી ચડે. કારણ, વિષ્ટા એટલે નરી ગંદકી. ચાહે પછી તે મનુષ્યની હોય કે પશુ-પક્ષીની. તેમાંથી દુર્ગંધ જ આવે. તેમાં હાથ નાખી તેને ચૂંથાય નહીં. કદાચ રસ્તામાં ચાલતા નજરે પડે તો ? શું તેનું મનન-ચિંતન-ભજન કરીએ છીએ ? ના. રખે ને વિષ્ટામાં પગ પડી ન જાય તેની તકેદારી રાખી, હળવેથી કૂદીને બાજુમાંથી પસાર થઈ જઈએ છીએ. વિષ્ટાથી ભ્રષ્ટ ન થઈ જવાય તેની કેટલી સાવધાની રાખીએ છીએ ! વિષ્ટાથી ખરડાયેલો દેહ તો પાણી વડે પણ ચોખ્ખો થઈ જાય છે. તેમ છતાં કેટલી સાવધાની ! પોતાનો કે સામેનાનો દેખાતો અવરભાવ વિષ્ટા જેવો છે. જેમ વિષ્ટા ક્યારેય સુગંધીમાન ન હોય; દુર્ગંધયુક્ત જ હોય. તેમ કોઈ પણનો અવરભાવ જોઈએ તો તેમાં સારું કાંઈ ન હોય. તેની ચર્ચા કરવાથી, ચૂંથવાથી આત્મા ભ્રષ્ટ થાય છે. તેનો મોક્ષ માર્ગ અસલામત થઈ જાય છે. તેમ છતાં આપણે નજરે ચડતી વિષ્ટાથી દૂર રહીએ છીએ તેટલા દેખાતા અવરભાવરૂપી વિષ્ટાથી દૂર રહેતા નથી.

આ પંક્તિમાં વ્હાલા ગુરુજીએ અવરભાવમાત્રને વિષ્ટાની સાથે સરખાવ્યો છે. કારણ, તેને ચૂંથવાથી દુઃખ, ઉદ્વેગ, અશાંતિ, અકળામણ, અથડામણરૂપી દુર્ગંધ જ ફેલાય. પોતે તો દુઃખી થાય અને પોતાની આસપાસ રહેલા સૌને પણ દુઃખ ઉપજાવે એવો ત્રાસ આપે છે. જરા પોતાના ભૂતકાળને ચકાસીએ તોય અવરભાવ કેવી દુર્ગંધ મારતી વિષ્ટા છે તેનો ખ્યાલ આવી જાય. કેટલાય કડવા અનુભવો આપણને થયા છે.

દુઃખની વાત એ છે કે, વ્હાલા ગુરુજી થકી હવે આપણને અવરભાવના વાસ્તવિક સ્વરૂપની ઓળખાણ થઈ કે, અવરભાવ આવો જ હોય, અવરભાવ વિવિધતાથી ભરેલો જ હોય, અવરભાવમાં દરેક વ્યક્તિનાં આકાર, કદ, સ્વભાવ, પસંદગી એકસરખાં ન જ હોય. અવરભાવમાં પ્રશ્નો જ હોય, દુઃખ જ હોય, ઉદ્વેગ-અશાંતિ જ હોય, અવરભાવ અનિત્ય જ હોય. એનું મનન-ચિંતન ન કરાય. તેમ છતાં આપણને અવરભાવની જ ચર્ચા કરવામાં, અવરભાવની જ વાતો કરવામાં, અવરભાવનું જ મનન-ચિંતન કરવામાં રસ જન્મે છે. કારણ કે અનાદિકાળનો ઢાળ જ એ પડી ગયો છે. જરા આપણને ચકાસીએ કે મંદિરમાં, ઘરમાં, મૉલ, બજાર, રેલવે સ્ટેશન કે ઍરપૉર્ટ જેવા જાહેર સ્થળોમાં આપણે બેઠા હોઈએ તો ‘આ બરાબર કર્યું ને આ બરાબર ન કર્યું. આવું કરવું જોઈતું હતું. એ તો કાયમ આમ જ કરે છે. અહીં તો આવું જ હોય’- એવી કોઈ વ્યક્તિની કે સિસ્ટમની કે કોઈ પણની ચર્ચા કરવા માંડીએ છીએ જે ખરેખર કાંઈ કામની ન હોય. ઉપરથી આવી વ્યર્થ ચર્ચા ઉદ્વેગ કરાવે છે, અશાંતિ જન્માવે છે. ધ્યાન-ભજનમાં ઘાટ-સંકલ્પોના રવાડે ચડાવે છે. બીજાને પણ ઉદ્વેગ કરાવે છે. માટે આ અવરભાવના ચૂંથણામાંથી બહાર નીકળવાની ચાવી પણ વ્હાલા ગુરુજીએ આ પંક્તિમાં દર્શાવી છે.

#### ‘પરભાવ ચિંતવું સદા સુખિયા જ કરે...’

માટે રોજિંદા જીવનમાં અવરભાવનું મનન-ચિંતન છોડી પરભાવનું મનન-ચિંતન કરવાની પ્રૅક્ટિસ કરીએ એ જ આ પ્રાર્થના પંક્તિનો મૂળ ઉદ્દેશ છે.

### પંક્તિ આધારિત પ્રાર્થના

હે પ્રાણાધાર ! હે વ્હાલા ગુરુજી ! મને અનાદિમુક્તની સ્થિતિ છતે દેહે પમાડવા આપ કેટલા ગરજુ બન્યા છો ! સામે મારી ૧% ગરજ ન દેખાતી હોવા છતાં આપ રાત્રિ-દિવસ મારી પાછળ અથાગ દાખડો કરો છો.

આપે મારી પર કેવા પરભાવી સંકલ્પોનો મદાર બાંધ્યો છે કે પાછળ અમારા પરભાવી વારસાનું જતન કરશે. જે પરભાવી જ્ઞાન અમે દીધું છે તેનું અનંતમાં પ્રવર્તન કરશે. એ જ્ઞાનને અનુભવમાં લઈ અનંતને અનુભવની દિશા આપશે. પરંતુ હે મહારાજ ! હે વ્હાલા ગુરુજી ! આપની સાથેની મારી પ્રીતિમાં કસર રહી જાય છે. આપ ઇચ્છો છો એવું પરિણામ હું સ્વજીવન થકી નથી આપી શકતો. નિતાંતપણે મૂર્તિમાં જોડાયેલા રહેવું છે છતાં નથી રહેવાતું. તેનું એક જ કારણ છે દયાળુ, હું નર્યા અવરભાવમાં જ ખૂંપેલો રહું છું. જે નર્યો વિષ્ટા તુલ્ય છે.

સામેની વ્યક્તિનો અવરભાવ કાં તો મારો પોતાનો



અવરભાવનું મનન-ચિંતન એ મૂર્તિસુખના માર્ગનું સ્પીડબ્રેકર છે.

અવરભાવ ! હું એમાંથી નવરો જ પડતો નથી. કદાચ હું નવરો પડવા માગતો નથી પ્રભુ !! મને એમાં જ રસ છે. એની પાછળ કલાકો વીતી જાય તોય કંટાળો આવતો નથી. જ્યારે ધ્યાન કરવામાં, માળા કરવામાં, પ્રાર્થના કરવામાં, કીર્તનભક્તિમાં, વાંચન-મનનમાં મને જરાય પાટો ગોઠતો નથી. આહ્નિકનાં એ સાધનો કરતાં કરતાંય મારી વૃત્તિ તો અવરભાવના મનન-ચિંતનમાં જ ભટક્યા કરતી હોય છે. 'આણે આમ કર્યું, ફલાણાએ તેવું કર્યું, આવું કરવું જોઈતું હતું, આવું નહિ, તેઓ કાયમ આવું જ કરતા હોય છે' વગેરે વગેરે...

વળી, મહારાજ ! આ વિષ્ટા હું એકલો નથી ચૂંથતો. મારા યોગમાં, સંગમાં, સંપર્કમાં, સાંનિધ્યમાં જે કોઈ આવે તેની ઉપર પણ આ વિષ્ટા ઉડાડું છું. તેમને પણ અવરભાવની ચર્ચામાં બહુ કુનેહથી ભેગા ભેળવી દઉં છું. અને પછી તો એવા પાત્રોનું એક જૂથ ઊભું કરી દઉં છું કે જ્યારે તેઓ મળે ત્યારે આ જ ચર્ચા થાય.

પ્રભુ ! એનાથી કોઈનાય સ્વભાવો, રીત-રસમ કે પદ્ધતિ બદલાઈ જતાં નથી એવું હું જાણું છું. છતાં મારી આ કુટેવ બંધ થતી નથી. પ્રભુ ! અવરભાવમાં કોઈના સ્વભાવ બદલવા, રીત-રસમ-પદ્ધતિ બદલવી તે મારા હાથમાં નથી કે કોઈના હાથમાં નથી. પરંતુ મારી સમજણને બદલવી, મારી દૃષ્ટિને બદલવી તે તો મારા હાથમાં છે જ. મારી આંખને, બુદ્ધિને સેટ ન થાય તેવી પરિસ્થિતિમાં હું પરભાવની સમજણ દૃઢ કરું, પરભાવનો વિચાર કરું, પરભાવની દૃષ્ટિથી જોઉં એવી મારા પર કૃપા કરો મહારાજ ! વળી, 'હું આવો, હું કામી, હું માની' આવો સ્વને વિષે અવરભાવ પરઠી નકારાત્મક વિચારોની ઊંડી ખાઈમાં પડી સ્વને અને મોટાને દુ:ખી કરું છું. મોટાને દાખડો કરાવું છું.

એકાંતે બેસી સ્વજીવનને ચકાસતાં હવે આટલી તો ખબર પડવા લાગી છે પરંતુ મારો અનાદિનો હેવા બદલાતો નથી પ્રભુ ! કૃપા કરો. આપની આગળ હું ખોળો ધરું છું. ભીખ માગું છું. અવરભાવ મને વિષ્ટા તુલ્ય મનાય, ઝેર મનાય.

વળી, મહારાજ સ્થિતિનું સુખ લેવા માટેની પાત્રતા કેળવવી એ નાના છોકરાના ખેલ નથી. પરભાવમાં પહોંચવા માટે આ અવરભાવ જ બહુ મોટું સ્પીડબ્રેકર છે. જ્યાં સુધી અવરભાવ ચૂંથવાનું બંધ નહિ કરું ત્યાં સુધી કોટિ કલ્પે મારી પરભાવની યાત્રા આગળ નહિ વધી શકે.

બસ, હવે દરેક સંજોગોમાં બે ચાવીનો નિરંતર ઉપયોગ કરતો રહું એવું અનુસંધાન અપાવજો : (૧) અવરભાવની સ્વીકૃતિ અને (૨) પરભાવની દૃષ્ટિ. 'જોઉં પરભાવને છોડી દેહદૃષ્ટિ, સુખિયા થવાની ચાવી છે.' આ બંને ચાવી હું હાથવગી જ રાખું. અવરભાવના મનન-ચિંતનને દૃઢ સંકલ્પથી તોડી પાડું. કોઈ અવરભાવ ચૂંથાવવા આવે તોય તેમાં ભેગો ન ભળું, કોઈની મહોબતમાં ન લેવાઉં એવી કૃપા કરજો મહારાજ ! બસ, હવે આ ફેરે આ વિઘ્નોથી પર કરો વ્હાલા ! ક્ષણિક અવરભાવનું મનન-ચિંતન કરી કાયમી પરભાવી સ્ટેટસમાંથી ચલાયમાન ન થઈ જઉં તેવી અનરાધાર કરુણા વરસાવતા રહેજો... વરસાવતા રહેજો... રાજી રહેજો મહારાજ... ભેળા ભળજો.

## ગુરુજીની શ્રીહરિના સંકલ્પોરૂપી ભલામણ

મહિને એક વખત પરિવાર સભા કરવી. સમૂહભોજન કરવું. અરસપરસ પ્રીતિ કરવી તે સાચો સત્સંગ છે. આવા પુરુષોત્તમનારાયણ મળ્યા પછી ઉદ્વેગ રહે ? શું સત્સંગમાં આવીને કમાયા ? મૂર્તિમાં પ્રીતિ કરવી છે તો પહેલાં મૂર્તિમાં રહેનારા જોડે તો પ્રીતિ કરીએ.

દર અઠવાડિયે ફેમિલિ ટાઇમ સભામાં ક્ષમાયાચના દિન રાખો. અઠવાડિયામાં એકબીજા વચ્ચે મનદુ:ખ થયું હોય તો એકબીજાની માફી માગી સૉરી કહેજો. બધા સભ્યોએ દંડવત, મહિલા સભ્યોએ પંચાંગ પ્રણામ કરવાં. આ દિવસે સારા થાળ કરી ઠાકોરજીને ધરાવી સમૂહભોજન કરજો. આગ્રહ કરીને અરસપરસ પીરસજો.



# મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ - બાવળા

શ્રીહરિના ચરણકમળથી પાવન થયેલ નળકંઠાની ધન્ય ધરા ઉપર બાવળા ખાતે કારણ સત્સંગના નૂતન મંદિરમાં દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ વ્હાલા ગુરુજીના દિવ્ય સાંનિધ્યમાં ધામધૂમપૂર્વક ઊજવાઈ ગયો. તા. ૧૪-૧૨-૨૦૨૫ ને રવિવારના રોજ સવારે ૭થી ૧ દરમ્યાન બાવળા શહેરના મુમુક્ષુમુક્તો માટે આત્યંતિક કલ્યાણનું સદાવ્રત ખુલ્લું મૂકવામાં આવ્યું. મહાયાગ, છાબયાત્રા સહ શોભાયાત્રા, અન્નકૂટ ઉત્સવ અને મૂર્તિપ્રતિષ્ઠા વિધિમાં સહભાગી થવા આસપાસના વિસ્તારમાંથી મોટી સંખ્યામાં ભાવિક ભક્તજનો ઊમટી પડ્યા હતા. આવો, માણીએ આ દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવની આછેરી ઝલક.





## સત્સંગનો પ્રારંભ

પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ, જીવનપ્રાણ બાપાશ્રી, સદ્. ઈશ્વરબાપા, સદ્. વૃંદાવનબાપા જેવા મહાસમર્થ પુરુષો ભાલ દેશ તેમજ નળકંઠામાં વિચરણ અર્થે પધારી સૌને સુખિયા કરતા. વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજી અને વ્હાલા ગુરુજી પણ સંસ્થાની શરૂઆતના અરસામાં નળકંઠામાં ડરણ, મોડાસર, કલ્યાણગઢ, રાણેસર, ભામસરા, કેસરડી આદિ ગામોમાં સત્સંગ પ્રચાર-પ્રસારાર્થે ખૂબ વિચરણ કરતા. મુમુક્ષુ જીવોને ભગવાનની ઓળખાણ કરાવી દિવ્યજીવનના માર્ગે ચલાવતા. ઈ.સ. ૧૯૮૭માં બાવળા ગામ ખાતે ગ્રામ્ય વિસ્તારમાં રાબરિયાના ટેકરે વાસુદેવભાઈ ઠક્કરના ઘરે ગુરુદેવ સૌપ્રથમ વાર સત્સંગ સભામાં લાભ આપવા પધાર્યા હતા. અહીં બાપાશ્રીના હેતવાળા તેમજ કાર્ય સત્સંગના હરિભક્તોનો સમાજ ઘણો હતો. મહારાજના સ્વરૂપની જેમ છે તેમ વાતો ગુરુદેવના મુખેથી સાંભળી સૌ કોઈને ગુણભાવ સાથે સમાસ થયો. ગુરુદેવની આજ્ઞાથી વાસુદેવભાઈએ અઠવાડિક સભાની શરૂઆત કરી.

ગુરુદેવ તેમજ ગુરુજીની આજ્ઞાથી પ્રથમ પૂ. ભક્તવત્સલસ્વામી, પૂ. પૂર્ણસ્વામી ત્યારબાદ પૂ. મહિમાસ્વામી, પૂ. વિનયસ્વામી, પૂ. પ્રેમસ્વામી, પૂ. કારણસ્વામી આદિ સંતોએ અહીં ખૂબ વિચરણ કરી કારણ સત્સંગના પાયા પાતાળમાં નાખી દીધા. હાલમાં અહીં પ્રભારી સંત પૂ. ધર્મસ્વામી અને પૂ. મૂર્તિસ્વામી, પૂ. દીનબંધુસ્વામી સત્સંગ સંવર્ધનની સેવા બજાવી રહ્યા છે. ઘણી વાર વાસણાથી હરિભક્તો પણ અહીં સભામાં લાભ આપવા પધારી મહારાજનો મહિમા કહી સત્સંગની અમૂલ્ય વાતો કરતા. તો અવારનવાર ગુરુદેવ તથા ગુરુજી પધારી સૌને સુખિયા કરી રાજીપો જણાવતા. પરિણામે અહીં સત્સંગ ખૂબ વૃદ્ધિ પામ્યો. ઈ.સ. ૨૦૦૮માં ગુરુદેવે વાસુદેવભાઈને કારણ સત્સંગના પ્રચાર-પ્રસારની સેવામાં આણંદ ખાતે મોકલ્યા. ત્યારબાદ અઠવાડિક સભા ગ્રામ્ય વિસ્તારમાં મહોબતસિંહ ડોડિયાના ઘરે ચોરાપા છેલ્લી ફળી વિસ્તારમાં થતી અને સોસાયટી વિસ્તારમાં જીતુભાઈ ઠક્કર અને ભરતભાઈ પ્રજાપતિના ઘરે થવા લાગી. સંખ્યાનો વ્યાપ વધતાં વ્હાલા ગુરુદેવે સંકલ્પ જણાવ્યો કે, હવે બાવળામાં મંદિર થાય એવું કરો. એ ન્યાયે બાવળા ખાતે મંદિરનિર્માણ હેતુ જમીન સંપાદનની સેવા ચાલુ કરવામાં આવી.

## જમીન સંપાદન, સત્સંગ સંવર્ધન અને યોગદાન

તા. ૨૬-૨-૨૦૧૦ના રોજ ગુરુદેવ તથા ગુરુજીની આજ્ઞાથી ધોળકા રોડ પર આવેલી સ્કૂલની જગ્યા મંદિરનિર્માણ માટે પસંદ કરવામાં આવી. પ્રાથમિક તબક્કે પુરુષ અને મહિલા સભ્યો સત્સંગ સભાનો લાભ લઈ શકે તે હેતુથી દર રવિવારે અઠવાડિક સભા અહીં કરવાની શરૂઆત થઈ. ઈ.સ. ૨૦૧૨માં વધુ હરિભક્તો લાભ લઈ શકે તે હેતુથી અહીં બે હૉલ બનાવવામાં આવ્યા. તા. ૨૮-૧૦-૨૦૧૨ના રોજ ગુરુદેવ અને ગુરુજીની ઉપસ્થિતિમાં નૂતન કાષ્ઠના હરિ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ સંપન્ન થયો. નિત્ય દર્શન-સમાગમ હેતુ સ્થાન તૈયાર થયું. પૂ. સંતોનું તથા પૂ. ત્યાગી મહિલામુક્તોનું વિચરણ વધતાં બાળ-બાલિકા સભા, યુવક-યુવતી સભા, ઉત્સવ સભા, અન્નકૂટ, શાકોત્સવ જેવા વિવિધ પ્રોગ્રામોના આયોજનથી અહીં સત્સંગ સમાજ ખૂબ વિસ્તાર પામ્યો.

બાવળા ખાતે સત્સંગ પ્રચારની સેવામાં વાસુદેવભાઈ ઠક્કર, પોપટભાઈ ઠક્કર, ડરણ ગામના રસિકભાઈ ઠક્કર, યોગેશભાઈ ખમણવાળા, જીતુભાઈ ઠક્કર, મહોબતસિંહ ડોડિયા, કરશનભાઈ, ભરતભાઈ પ્રજાપતિ, નરેશભાઈ ઠક્કર, નટુભાઈ પઢિયાર, રાજુભાઈ ઠક્કર આદિ હરિભક્તોનું ખૂબ યોગદાન રહ્યું.

## શિલાન્યાસ સમારોહ અને પૂર્વતૈયારી

મહારાજની ઈચ્છાથી અહીં સત્સંગ ખૂબ ફાલ્યો. પરિણામે અહીં મંદિરનિર્માણની જરૂર જણાતાં તા. ૩૧-૮-૨૦૨૩ના રોજ વ્હાલા ગુરુજીની ઉપસ્થિતિમાં અહીં શિલાન્યાસ સમારોહ ધામધૂમપૂર્વક ઊજવાઈ ગયો. આજરોજ વ્હાલા ગુરુજીએ બાવળા ખાતે કારણ સત્સંગનું સ્થાન તૈયાર કરવાનો ગુરુદેવનો જે આગ્રહ હતો તે અંગે વિશેષ લાભ આપી ઉપસ્થિત મુક્તોને સુખિયા કર્યા હતા. મંદિરનું નિર્માણકાર્ય શરૂ થયું. વ્હાલા ગુરુજી તથા પૂ. સંતો પણ અવારનવાર નિરીક્ષણ હેતુ પધારી માર્ગદર્શન આપતા અને તૈયાર થયેલ નૂતન મંદિરને વિષે દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવનાં દુંદુભિ વાગ્યાં અને તા. ૧૪-૧૨-૨૦૨૫ને રવિવારના રોજ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવની તારીખ નક્કી કરવામાં આવી. સર્વે સત્સંગી હરિભક્તો હૈયામાં થનગનાટ સાથે પ્રતિષ્ઠા ઉત્સવની તૈયારીની સેવામાં જોડાઈ ગયા.

પરસેવો પાડ્યા વિનાની પ્રાપ્તિ, સુખ અને શાંતિની કરે સમાપ્તિ.





### છાબયાત્રા તથા નગરયાત્રા

તા. ૧૪-૧૨-૨૦૨૫ ને રવિવારની મંગલ પ્રભાતે દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ નિમિત્તનાં આયોજનો શરૂ થયાં. આજરોજ ઘનશ્યામ મહાપ્રભુની છાબયાત્રાની સેવાનો લાભ રાજુભાઈ અમૃતભાઈ ઠક્કર તેમજ દર્શનભાઈ ઘનશ્યામભાઈ ઠક્કર પરિવારને મળ્યો હતો. સંસ્થાના વડીલ સંત પૂ. ભક્તવત્સલસ્વામીએ દર્શનભાઈ ઠક્કરને ત્યાંથી તેમજ સંસ્થાના પ્રભારી સંત પૂ. ધર્મસ્વામીએ રાજુભાઈ ઠક્કરને ત્યાંથી છાબયાત્રાનું પૂજન કરી છાબયાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું. આનંદબાગ સોસાયટીથી વ્હાલા ગુરુજી પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે બગીમાં બિરાજિત થયા અને છાબયાત્રા સાથે સામૈયું કરી નગરયાત્રાનો પ્રારંભ થયો. વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે ગુરુજી અભયદાન આપતા થકા વાજતે-ગાજતે ઢોલ-નગારાં તેમજ નૃત્ય કરતા કિશોરો સંગે મંદિર પ્રાંગણને વિષે પધાર્યા.

### બોર્ડ અનાવરણ તથા મુખ્ય પ્રવેશદ્વાર ઉદ્‌ઘાટન

વ્હાલા ગુરુજીનું આગમન થતાં જ તાળીઓના નાદથી વાતાવરણ ગુંજી ઊઠ્યું હતું. વ્હાલા ગુરુજીએ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના બોર્ડને આકાશમાં મુક્ત કરી ઉત્સવનો પ્રારંભ કરાવ્યો. કુમકુમ પૂજન કરી બોર્ડ અનાવરણ કરવામાં આવ્યું. વ્હાલા ગુરુજી બાદ પૂ. ભક્તસ્વામી, પૂ. ધર્મસ્વામી, પૂ. મૂર્તિસ્વામી સહિત અન્ય સંતો તેમજ યજમાન મુક્તો પણ આ પૂજનમાં સાથે જોડાયા હતા. ત્યારબાદ વ્હાલા ગુરુજીએ મંદિરના મુખ્ય પ્રવેશદ્વાર પર કુમકુમના ચાંદલા કરી રિબન કાપી આત્યંતિક કલ્યાણનું નૂતન સદાવ્રત જાહેર જનતા સમક્ષ ખુલ્લું મૂક્યું ત્યારે જય હો જયજયકાર હોના ધ્વનિથી દિવ્યભાવના માહોલનું સૃજન થવા પામ્યું હતું.

### મહાયાગ તથા આનંદોત્સવ

સમસ્ત સત્સંગ સમાજને મંદિરને વિષે પ્રવેશ કરાવ્યા બાદ વ્હાલા ગુરુજીએ પડદા ઉદ્‌ઘાટિત કરી નૂતન સિંહાસન મધ્યે બિરાજિત ઘનશ્યામ મહાપ્રભુ સહિત મુક્ત મંડળનાં દર્શન કરાવ્યાં હતાં. વ્હાલા ગુરુજી સહિત પૂ. સંતો તેમજ યજમાન મુક્તોએ મહાયાગ માટે પોતાનું સ્થાન ગ્રહણ કર્યું. વ્હાલા ગુરુજીએ મહાયાગ પૂર્વે પ્રાર્થના દ્વારા પ્રતિષ્ઠા ઉત્સવમાં










મહારાજને પધારવા માટે આહ્‌વાન કરાવ્યું. ત્યારબાદ વ્હાલા ગુરુજીએ યજમાન મુક્તોને તથા પૂ. સંતોએ ઉપસ્થિત સભાજનોને કંકણ બંધન કરાવી સ્વામિનારાયણ મહાયાગનો પ્રારંભ કરાવ્યો. મહાયાગના અંતે શ્રીફળની આહુતિ આપ્યા બાદ વ્હાલા ગુરુજીએ નૂતન મૂર્તિઓનું પૂજન કરી, આરતી ઉતાર્યા બાદ આનંદોત્સવનો લાભ આપ્યો હતો. ઉપસ્થિત મુક્તો પર પુષ્પવૃષ્ટિ કરી વ્હાલા ગુરુજીએ મહાપ્રભુની પ્રાર્થના દ્વારા સૌને દિવ્યાનંદમાં ડુબાડ્યા હતા. નૂતન પ્રતિષ્ઠિત મૂર્તિઓની પ્રતિષ્ઠા વિધિ પૂર્ણ થયા બાદ પૂ. સંતોએ સિંહાસન મધ્યે તેમજ યજમાન મુક્તોએ પ્રતીક મૂર્તિ સમક્ષ ઉપચાર વિધિનો લાભ લઈ મહાપ્રભુને રાજી કર્યા હતા.

### આશીર્વાદ સભા, નિકટ દર્શન તથા અન્નકૂટ દર્શન

વ્હાલા ગુરુજીએ તથા યજમાન મુક્તોએ કળશ પૂજન તથા ધ્વજા પૂજનનો લાભ લીધો હતો. ત્યારબાદ સૌ મુક્તોએ આશીર્વાદ સભામાં લાભ લેવા સ્થાન ગ્રહણ કર્યું હતું. આજરોજ વ્હાલા ગુરુજીએ બાપાશ્રીએ તથા અમીરપેઢીના સદ્‌ગુરુઓએ અહીં સત્સંગ વિચરણ કરી સૌ મુક્તોને કેવા સુખિયા કર્યા છે, ભર્યા કર્યા છે તે અંગે વિશેષ લાભ આપી સુખિયા કર્યા હતા. અંતમાં સૌ મુક્તો વ્હાલા ગુરુદેવના આશિષ તેમજ વ્હાલા ગુરુજીનાં નિકટ દર્શન-આશીર્વાદ પામી કૃપાવંત બન્યા હતા. બાવળા શહેરની મુમુક્ષુ જનતા માટે આજરોજ સાયંકાળ સુધી વિવિધ પ્રકારની વાનગીઓ સભર અન્નકૂટ દર્શન રાખવામાં આવ્યાં હતાં. જેનાં દર્શન કરી સૌ મુક્તો ધન્યભાગી બન્યા હતા.

### સેવા–સમર્પણના સેનાની

સંસ્થાના પ્રભારી સંત પૂ. ધર્મસ્વામીની અધ્યક્ષતામાં પૂ. મૂર્તિસ્વામી, પૂ. પ્રેમસ્વામી, પૂ. કારણસ્વામી, પૂ. નિષ્ઠાસ્વામી, પૂ. ધ્યેયસ્વામી, પૂ. ન્યાલકરણસ્વામી, પૂ. સનાતનસ્વામી, પૂ. દીનબંધુસ્વામી આદિક સંતોની રાહબરી હેઠળ સૌ પુરુષ સ્વયંસેવક મુક્તોએ તેમજ પૂ. ત્યાગી મહિલામુક્તોની રાહબરી હેઠળ મહિલા સ્વયંસેવક મુક્તોએ આ સમસ્ત કાર્યક્રમને દીપાવ્યો હતો. આમ, આજરોજ ૩૬૦૦થી પણ વધુ મુક્તો આ દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવનો લાભ લઈ ધન્ય થયા હતા.




# વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. સંતોનું હૈદરાબાદ ખાતે દિવ્ય સત્સંગ વિચરણ









બાપાશ્રી કહે, 'લાખ કરોડ જન્મ ધરો ને સત્સંગ કરો પણ કારણ સત્સંગનો એક મિનિટનો જોગ અનાદિ કરી મૂકે.' પંચવિષયમાં ચકચૂર બનેલા જીવાત્માને માયારૂપી પડળો છોડાવી, ચોખ્ખો કરી ભગવાન ભજતો કરવા માટે સંતો વિચરણ કરતા હોય છે. મહાપ્રભુ સ્વયં પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણે, જીવનપ્રાણ બાપાશ્રીએ, દિવ્ય કારણ સત્સંગની અમીરપેઢીના મહાસમર્થ સદ્‌ગુરુઓએ પણ ખૂબ સત્સંગ વિચરણ કરી કારણ સત્સંગના પાયા પાતાળમાં નાખી દીધા. એ જ રીતને અનુસરી વ્હાલા ગુરુદેવની આજ્ઞાથી વ્હાલા ગુરુજી અને વ્હાલા ગુરુજીની આજ્ઞાથી પૂ. સંતો દેશ-વિદેશમાં સત્સંગ વિચરણ અર્થે પધારી સૌ મુક્તોને ભગવાનનું બળ આપી બળિયા કરતા હોય છે.

વ્હાલા ગુરુજીની આજ્ઞાથી પૂ. નિર્માનસ્વામી, પૂ. સુખસ્વામી, પૂ. મુનિસ્વામી, પૂ. આનંદસ્વામી એમ ચાર સંતોના મંડળનું તા. ૧૭થી ૨૩ ડિસેમ્બર, ૨૦૨૫ દરમ્યાન સાત દિવસીય સત્સંગ વિચરણનું આયોજન હૈદરાબાદ ખાતે થયું હતું. આ વિચરણમાં પીયૂષભાઈ સુથાર (સ્વામિનારાયણ ધામ), કૃષ્ણજીવનભાઈ દરજી (સંતરામપુર), સુરેશભાઈ સોની (મોડાસા) તેમજ મોરબીના રવિભાઈ કારોરિયા, વિવેકભાઈ મોરડિયા, ભાવેશભાઈ મોરડિયા, દિનેશભાઈ વિરમગામા, વિવેકભાઈ વસાવા આદિ હરિભક્તો પણ સાથે જોડાયા હતા. તા. ૧૭ના રોજ અમદાવાદ ઍરપૉર્ટથી સંતો-હરિભક્તોએ હૈદરાબાદ જવા પ્રસ્થાન કર્યું. હૈદરાબાદના હરિભક્તોમાં પૂ. સંતોના આગમનનો અપાર આનંદ હતો. ઘણા સમય બાદ ગુરુદેવ અને ગુરુજીના વિચરણ પછી પૂ. સંતો પધારી રહ્યા હોય તો સહેજે આનંદ હોય. સાયંકાળે ૬:૩૦ વાગ્યે પૂ. સંતોનું હૈદરાબાદ એરપોર્ટ પર આગમન થયું. ઉપસ્થિત હરિભક્તોએ વ્હાલા ઘનશ્યામ મહારાજ તથા પૂ. સંતોનું ફૂલહાર તથા પુષ્પવૃષ્ટિથી સ્વાગત કર્યું. અહીં આજરોજ ભરતભાઈ શેરસિયાના ફાર્મ પર પૂ. સંતોએ અંગત સભાનો લાભ આપી બળિયા કર્યા હતા. ત્યારબાદ સત્સંગ વિચરણમાં પૂ. સંતોએ સિકંદરાબાદ, કરમણઘાટ તથા



પ્રમાદ અને મોહ આંધળો ઘોડો છે.

હૈદરાબાદ ખાતે અલગ અલગ વિસ્તારોમાં સત્સંગ વિચરણ કરી પધરામણી, જાહેર સત્સંગ સભા, અંગત સભા આદિ પ્રોગ્રામોમાં લાભ આપી બળ પ્રદાન કર્યું હતું. પૂ. સંતો દ્વારા અલગ અલગ વિષય પર બળપ્રેરક કથાવાર્તાનો લાભ પામી, પૂ. સંતોના હસ્તે રસોઈની પ્રસાદીનો લાભ લઈ સૌ મુક્તો મહાત્મ્યભીના બન્યા હતા. હેપી ફેમિલિ નિમિત્તે આયોજિત જાહેર સભા દરમ્યાન ઘણા નવા હરિભક્તો સત્સંગમાં જોડાયા હતા તેમજ પૂ. સંતોના હસ્તે કંઠી ધારણ કરી દિવ્યજીવન બનાવવાના માર્ગે આગળ વધ્યા હતા. સાત દિવસના આ સત્સંગ વિચરણ દરમ્યાન પૂ. સંતોએ ૧ સત્સંગ શિબિર, ૨ જાહેર સભા, ૩ સત્સંગ સભા, ૧ અંગત સભા, ૭૫ પધરામણી, ૩ રસોઈ, ૩ મહાપૂજાનો લાભ આપી ૧૦૧ ૩થી પણ વધુ હરિભક્તોને સત્સંગનું ભાથું પીરસી બળ પ્રદાન કર્યું હતું.

પૂ. સંતોના સંગે સ્મૃતિ મેળવ્યા બાદ હૈદરાબાદના સત્સંગ સમાજે તા. ૨૩-૧૨-૨૦૨૫ના રોજ સંત મંડળને અમદાવાદ જવા માટે એરપોર્ટ પર પધારી ભાવભીની વિદાય આપી હતી.

## મૂર્તિસુખે સુખિયા

કારણ સત્સંગના દિવ્ય પરિવારના પરમ કૃપાપાત્ર મુક્તો કે જેઓ શ્રીહરિની ઇચ્છાથી મૂર્તિસુખે સુખિયા થયા છે. તેઓની નામાવલિ અત્રે આલેખેલ છે :

**મૂ.નિ. ચંદુભાઈ જેસિંગભાઈ પટેલ, ઉંમર વર્ષ-૮૫, ઘાટલોડિયા; તા. ૧૭-૧૨-૨૦૨૫**

**મૂ.નિ. બાબુભાઈ વિઠ્ઠલદાસ નાયી, ઉંમર વર્ષ-૯૧, વિજાપુર; તા. ૧૭-૧૨-૨૦૨૫**

**મૂ.નિ. રણછોડભાઈ નથ્થુભાઈ નાયી, ઉંમર વર્ષ-૭૦, હિંમતનગર; તા. ૧૮-૧૨-૨૦૨૫**

**મૂ.નિ. ગોવિંદભાઈ શંકરભાઈ પટેલ, ઉંમર વર્ષ-૯૦, વાસણા; તા. ૧૮-૧૨-૨૦૨૫**

**મૂ.નિ. અમરશીભાઈ પૂંજાભાઈ માલી, ઉંમર વર્ષ-૬૦, રાપર; તા. ૨૧-૧૨-૨૦૨૫**

**મૂ.નિ. ગોરધનભાઈ પરષોત્તમભાઈ પટેલ, ઉંમર વર્ષ-૬૮, વસ્ત્રાલ; તા. ૨૩-૧૨-૨૦૨૫**



વસ્ત્રાલ સેન્ટરના ઘરધણીમુક્ત ગોરધનભાઈ પટેલ મૂર્તિસુખે સુખિયા થયા છે. પૂ. સંતોના વચને બળતણની તેમજ નાની-મોટી ઘણી સેવા ઉપાડી લઈ પૂ. સંતોને નિશ્ચિંતપણું અપાવી, તન-મન-ધનથી સેવા કરી ગુરુદેવ પ.પૂ. બાપજીનો તથા વ્હાલા ગુરુજીનો ખૂબ રાજીપો કમાયા હતા.

**મૂ.નિ. દીપસંગભાઈ તખુભાઈ ચૌહાણ, ઉંમર વર્ષ-૯૫, કલ્યાણગઢ; તા. ૨૯-૧૨-૨૦૨૫**

**મૂ.નિ. વિનુભાઈ ભાઈલાલભાઈ પટેલ, ઉંમર વર્ષ-૭૫, ખંભાત; તા. ૨-૧-૨૦૨૬**

**મૂ.નિ. ઈશ્વરભાઈ હરજીભાઈ દેસાઈ, ઉંમર વર્ષ-૫૭, ઇસનપુર; તા. ૨-૧-૨૦૨૬**

**મૂ.નિ. રતિભાઈ શાંતિભાઈ સોની, ઉંમર વર્ષ-૭૬, ઘાટલોડિયા; તા. ૮-૧-૨૦૨૬**

**મૂ.નિ. નારાયણભાઈ ગંગારામ દરજી, ઉંમર વર્ષ-૯૦, સંતરામપુર; તા. ૯-૧-૨૦૨૬**

**મૂ.નિ. વિઠ્ઠલભાઈ ચુનીલાલ પટેલ, ઉંમર વર્ષ-૮૪, નરોડા; તા. ૧૦-૧-૨૦૨૬**

**મૂ.નિ. કાશીરામભાઈ નરશીભાઈ તલવણિયા, ઉંમર વર્ષ-૭૦, બાવળા; તા. ૧૨-૧-૨૦૨૬**

**મૂ.નિ. કનુભાઈ અંબાલાલ પટેલ, ઉંમર વર્ષ-૮૪, ચાંદખેડા; તા. ૧૩-૧-૨૦૨૬**

**મૂ.નિ. ઘનશ્યામભાઈ નરભેરામભાઈ ઠક્કર, ઉંમર વર્ષ-૭૩, વાસણા; તા. ૧૩-૧-૨૦૨૬**

**મૂ.નિ. કેહુબા જેઠાભાઈ ચાવડા, ઉંમર વર્ષ-૯૦, સુરેન્દ્રનગર; તા. ૧૮-૧૨-૨૦૨૫**

**મૂ.નિ. મંજુલાબેન પ્રહ્‌લાદભાઈ અલૈયા, ઉંમર વર્ષ-૭૫, સુરેન્દ્રનગર; તા. ૩૧-૧૨-૨૦૨૫**

**મૂ.નિ. પૂરીબેન મહાદેવાભાઈ ગોઠી, ઉંમર વર્ષ-૭૨, રાપર; તા. ૪-૧-૨૦૨૬**

**મૂ.નિ. દામિનીબેન ગિરીશભાઈ પંડ્યા, ઉંમર વર્ષ-૭૭, વાસણા; તા. ૪-૧-૨૦૨૬**

**મૂ.નિ. ઈન્દુબેન હરગોવનભાઈ પટેલ, ઉંમર વર્ષ-૬૪, વીરપુર; તા. ૭-૧-૨૦૨૬**

**મૂ.નિ. નલિનીબેન ગિરીશભાઈ કેસરિયા, ઉંમર વર્ષ-૭૭, વાસણા; તા. ૯-૧-૨૦૨૬**

**મૂ.નિ. વસંતીબેન રમેશભાઈ નાયી, ઉંમર વર્ષ-૬૨, મહેસાણા; તા. ૧૪-૧-૨૦૨૬**

આ મુક્તોએ ઘરધણી થઈ તન, મન અને ધનથી સંસ્થાને વફાદાર રહીને મમત્વભાવે સેવાઓ કરી છે અને ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનો રાજીપો મેળવેલ છે. શ્રીજીમહારાજ, ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના ચરણોમાં પ્રાર્થના કે તેમના ચૈતન્યને મૂર્તિના અવિચળ સુખભોક્તા કરે.

દેહાધ્યાસીને ભગવાન સિવાય બધે જ પ્રીતિ થાય.










"જોજો તો ખરા... કારણ સત્સંગ વિશ્વવ્યાપી થશે, થશે ને થશે જ..." આ મહારાજનો અદ્‌ભુત સંકલ્પ વ્હાલા ગુરુદેવ થકી વારંવાર ગુંજાયો છે... વ્હાલા ગુરુજી થકી પ્રવર્તી રહ્યો છે. વ્હાલા ગુરુદેવ અને વ્હાલા ગુરુજીના સંકલ્પે શ્રીજી અર્થે પોતાના જીવન સમર્પિત કરવા તૈયાર હોય એવા બાળકોને બાળ અવસ્થાથી જ આવાં મૂલ્યો શિખવાડાય તે હેતુથી SBS – સંકલ્પ બાળસભા પ્રૉજેક્ટનો ૧૭ નવેમ્બર, ૨૦૧૫થી પ્રારંભ થયો. જેનાં જોતજોતામાં દસ વર્ષ પૂર્ણ થયાં છે. SBS પ્રૉજેક્ટમાં વ્હાલા ગુરુજીના સંકલ્પે દસ વર્ષમાં ૯૦થી વધુ સભા તથા ૫૦થી વધુ કૅમ્પનાં આયોજનો દ્વારા અનેક બાળ-બાલિકાઓનું મહારાજના સંકલ્પ પ્રમાણે ઘડતર થયું છે. તેઓ જીવનના અમૂલ્ય પાઠ શીખ્યા છે.

આ પ્રસંગ અન્વયે દશાબ્દી ઉત્સવની ઉજવણી તથા વિન્ટર કૅમ્પનો સમન્વય કરવામાં આવ્યો હતો. આ કૅમ્પનું આયોજન તા. ૨૭, ૨૮ ડિસેમ્બરના રોજ સ્વામિનારાયણ ધામ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ દિવસે સિનિયર ગ્રૂપના મુક્તોને 'સંગ વિવેક' અને પ્રાઇમરી તથા સેકન્ડરી ગ્રૂપના મુક્તોને કારણ સત્સંગનો મૂળ પ્રશ્ન 'હું કોણ છું ?' તેની સમજ તથા તેની દૃઢતા માટે રાજીપાની જરૂરિયાત આ વિષય પર વિડિયો આધારિત લાભ મળ્યો. દ્વિતીય દિને સવારે ઇન્દ્રોડા પાર્કની વિઝિટ કરી હતી. સાંજે ૪થી ૮ દરમ્યાન દશાબ્દી ઉત્સવનો મુખ્ય પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો. જેમાં બાળ-બાલિકામુક્તોના વાલીમુક્તોને પણ બોલાવવામાં આવ્યા હતા. જેમાં બાળમુક્તોને તથા બાળ-બાલિકાના પિતા વાલીને પૂ. રાજીપાસ્વામી દ્વારા 'બાળ ઉછેરના સમયમાં શ્રેષ્ઠ ઉછેર કરવાની કળા' આ વિષય ઉપર લાભ મળ્યો. એ જ રીતે બાલિકામુક્તો અને બાળ-બાલિકાના માતા વાલીને મહિલા વિભાગમાં વરિષ્ઠમુક્ત પૂ. દીપલબેન દ્વારા લાભ મળ્યો. જેમાં સંકલ્પ બાળ-બાલિકાના વાલી તરીકેની ફરજ તથા મહત્ત્વ શું છે ? તેના પર અણમોલ લાભ લઈ તેઓ જીવનઘડતરના પાઠ શીખ્યા હતા. આ ઉપરાંત SBS પ્રૉજેક્ટમાંથી શ્રીજી અર્થે જીવન સમર્પિત કરી દેનાર મુક્તોને પણ નવાજવામાં આવ્યા હતા.

આમ, આ પ્રોગ્રામમાં કુલ ૨૩૦થી વધુ બાળ-બાલિકામુક્તો તેમજ ૧૫૦થી વધુ પુરુષ તથા મહિલા વાલીમુક્તો પ્રત્યક્ષ અને ૧૧૦થી વધુ પુરુષ તથા મહિલા વાલીમુક્તો ઑનલાઇન લાભ લઈ બળિયા થયાં હતાં.



નિયમિતતા એ જીવનની એકધારી પ્રગતિનું માપદંડ છે.

વ્હાલા ગુરુજીના દિવ્ય સાંનિધ્યમાં...

## વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીનો

# પ્રાગટ્યોત્સવ




**૪**

**માર્ચ ૨૦૨૬, ગુરુવાર**

સમય : સાંજે ૪:૦૦થી ૮:૩૦

જીવંત પ્રસારણ

**live.smvs.org**
**smvskatha youtube channel**
**GTPL Channel No. 551**



# એક આદર્શ શિલ્પી

**સાબરમતી રિવરફ્રન્ટ, અમદાવાદ.**

કારણ સત્સંગના વિશ્વવ્યાપી પ્રવર્તન કાજે

# વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ



**તા. ૧૪-૧૨-૨૦૨૫**ના રોજ **વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી**એ સાયં સમયે **વડસર** ખાતે ચુનંદા મુક્તોને પોતાની દિવ્યવાણીનો લાભ આપી સુખિયા કર્યા હતા. વળી, આજરોજ **વ્હાલા ગુરુજી**એ **વડસર** ખાતે ૧ પધરામણીનો લાભ આપી પ્રેમીજનોના સાંસાગોટિલાનો સ્વીકાર કર્યો હતો. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **કરણનગર (મહેસાણા)** ખાતે ૪૨મા પાટોત્સવ ઉપક્રમે પધારી મહારાજને રીઝવવાની રીત શીખવી હતી. ત્યારબાદ હૅપી ફૅમિલિ સભા અંતર્ગત ૧૫૦૦થી વધુ સ્થાનિક અનુયાયીઓને સુધાવાણીનો લાભ આપી બળિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ રાત્રિ સમયે **કરણનગર** ખાતે ૬ પધરામણીનો લાભ આપી ભાવિક ભક્તોના ભાવનો સ્વીકાર કર્યો હતો.

**તા. ૧૫-૧૨-૨૦૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે પ્રાતઃ સમયે સંકલ્પ સભામાં અમૃતવાણીનો લાભ આપી ૩૦૬૯૭થી વધુ મુમુક્ષુઓને મહારાજના મહિમાથી ભર્યા કર્યા હતા.

**તા. ૧-૧-૨૦૨૬**ની નૂતન વર્ષની નવલી પ્રભાતે **વ્હાલા ગુરુજી**એ **નિકોલ** ખાતે ધનુર્માસ ઉપક્રમે પધારેલ સ્થાનિક ભક્તોને મૂર્તિમાં રહેવાનો ને દેહભાવને ટાળવાનો શૉર્ટકટ શીખવી સુખિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **નિકોલ** ખાતે ૯ પધરામણીનો લાભ આપી પ્રેમીભક્તોના મનોરથ પૂર્ણ કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ મધ્યાહ્ન સમયે **નરોડા** ખાતે સંસ્થામાં સેવા આપી રહેલ ઘરધણી મુક્તોની શિબિરમાં લાભ આપી ઉપસ્થિત મુક્તોને મહિમાવંત કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સંધ્યા સમયે **નિકોલ** ખાતે ૭ શ્રદ્ધાળુ ભક્તોને હરિકૃષ્ણ મહારાજ સાથે પધરામણીનો તથા ૧ રસોઈની સેવાનો લાભ આપી ન્યાલ બનાવ્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ રાત્રિ સમયે **ઘનશ્યામનગર** ખાતે ચુનંદા મુક્તોને કાયમી સંભારણાંરૂપ સ્મૃતિછબીનો લાભ આપી કૃતાર્થ કર્યા હતા.

**તા. ૨-૧-૨૦૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **ઘનશ્યામનગર** ખાતે પ્રાતઃ સમયે પ્રભુને રીઝવવા ધનુર્માસની ધૂનમાં પધારેલ મહિમાવાન ભક્તોને સત્સંગ સરવાણીનો લાભ આપી ધન્ય બનાવ્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **ઘનશ્યામનગર** ખાતે પ્રાતઃ સમયે ૧૩ પધરામણી તથા ૧ રસોઈની સેવાનો લાભ આપી પ્રેમીજનોના કોડ પૂરા કર્યા હતા.આજરોજ **વ્હાલા ગુરુજી**એ **ઘનશ્યામનગર** ખાતે સંધ્યા સમે ને રાત્રિ સમે બે સેશનમાં ત્યાંના સ્થાનિક અનુયાયી વર્ગને કાયમી સંભારણાંરૂપ સ્મૃતિછબીનો લાભ આપવાની કરુણા વહાવી હતી.

**તા. ૩-૧-૨૦૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સેટેલાઇટ** ખાતે પ્રાતઃ કાળે ધનુર્માસ ધૂન ઉપક્રમે પધારેલ મુક્તોને શ્રીજીને રીઝવવાની અનુપમ રીત શીખવી કૃતાર્થ બનાવ્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **વાસણા** ખાતે પ્રાતઃ સમયે પૂનમ સમૈયા ઉપક્રમે પ્રત્યક્ષ તથા ઑનલાઈન ૩૦૨૦૯થી વધુ પૂનમિયા હરિભક્તોને દિવ્યવાણીનો લાભ આપી બળિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સંધ્યા સમે **સેટેલાઇટ** ખાતે ૧૦ પધરામણીનો લાભ આપી ભાવિક ભક્તોના ભાવનો સ્વીકાર કર્યો હતો. વળી, **સેટેલાઇટ** ખાતે રાત્રિ સમે સ્થાનિક ભક્તોને સ્મૃતિછબીનો લાભ આપી અમૂલ્ય સંભારણાં આપ્યાં હતાં.

**તા. ૪-૧-૨૦૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ કાળે **વાસણા** ખાતે ધનુર્માસમાં પધારેલ મુક્તોને દિવ્યવાણીરૂપી રાજીપાવર્ષાથી ભીંજવ્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **વાસણા** ખાતે પ્રાતઃ સમયે ૧૫ પધરામણી તેમજ ૧ રસોઈની સેવાનો લાભ આપી પ્રેમીજનોના પ્રેમનો સ્વીકાર કર્યો હતો. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સંધ્યા સમે ને રાત્રિ સમે બે સેશનમાં **વાસણા**ના ભક્ત સમુદાયને સ્મૃતિછબીનો અમૂલ્ય લાભ આપ્યો હતો.

**તા. ૬-૧-૨૦૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ કાળે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે ધનુર્માસમાં લાભ લેવા પધારેલ મહિમાવાન ભક્તોને અમૃતવાણીનો લાભ આપી દિવ્યભાવના રાહનું નૂતન દિશાદર્શન કરાવ્યું હતું. આજરોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** સ્થિત **સ્વામિનારાયણ ધામ ઇન્ટરનેશનલ સ્કૂલ**માં પધરામણીએ પધારી ઉપસ્થિત શિક્ષકગણ ને વિદ્યાર્થીગણને અભયદાન આપી ન્યાલ બનાવ્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **સેક્ટર ૬, ગાંધીનગર** ખાતે ૫ પધરામણી તથા ૧ રસોઈની સેવાનો લાભ આપી ભાવિક ભક્તોના મનોરથ પૂર્ણ કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સંધ્યા સમયે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે પોતાના વ્હાલસોયા **ગુરુકુલ**ના મુક્તોને માતૃવાત્સલ્ય સ્નેહથી ભીંજવી દિવ્ય સ્મૃતિઓરૂપી ભાથું પીરસ્યું હતું. આજરોજ **વ્હાલા ગુરુજી**એ રાત્રિ સમયે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે **ગાંધીનગર** ઝોનના ૧૧૮૦થી વધુ મુક્તોને ઝોળીસેવાનો લાભ આપી અભયદાન કર્યું હતું.

**તા. ૭-૧-૨૦૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **ઇસનપુર** ખાતે ધનુર્માસમાં પધારેલ મુક્તોને અમૃતવાણીનો લાભ આપી સુખિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **ઇસનપુર** ખાતે પ્રાતઃ સમયે ૧૬ પધરામણી તથા ૧ રસોઈની સેવાનો લાભ આપી પ્રેમીભક્તોના સાંસાગોટિલાનો સ્વીકાર કર્યો હતો. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **ઇસનપુર** ખાતે સંધ્યા સમયે ને રાત્રિ સમયે બે સેશનમાં ત્યાંના સ્થાનિક ભક્ત સમાજને અમૂલ્ય સંભારણાંરૂપ સ્મૃતિછબીનો લાભ આપી કૃતાર્થ બનાવ્યા હતા.

**તા. ૮-૧-૨૦૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ કાળે **નરોડા** ખાતે ધનુર્માસમાં પધારેલ મુક્તોને સુધાવાણીનો લાભ આપી મહિમાવંત કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **નરોડા** ખાતે પ્રાતઃ સમયે ૧૪ પધરામણી તેમજ ૧ રસોઈની સેવાનો લાભ આપી શ્રદ્ધાળુ ભક્તોના શ્રદ્ધાદીપકનો સ્વીકાર કર્યો હતો. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સંધ્યા સમયે ને રાત્રિ સમયે બે સેશનમાં **નરોડા**ના સ્થાનિક ભક્તોને સ્મૃતિછબીનો લાભ આપી કૃતાર્થ બનાવ્યા હતા.

**તા. ૧૧-૧-૨૦૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **ગોતા** ખાતે પ્રાતઃ સમયે ધનુર્માસમાં પધારેલ મુમુક્ષુજનોને અમૃતવાણીનો લાભ આપી રાજીપાવર્ષાથી ભીંજવ્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **ગોતા** ખાતે ૧૨ પધરામણીનો લાભ આપી ભાવિક ભક્તોના ભાવનો સ્વીકાર કર્યો હતો. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સંધ્યા-રાત્રિ સમયે **ગોતા** ખાતે ત્યાંના ભક્ત સમુદાયને સ્મૃતિછબીનો લાભ આપી ધન્ય બનાવ્યા હતા.

**તા. ૧૨-૧-૨૦૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **ઘાટલોડિયા** ખાતે ધનુર્માસ ઉપક્રમે ઉપસ્થિત મુક્તોને સુધાવાણીનો લાભ આપી બળ પ્રદાન કર્યું હતું.આજરોજ **વ્હાલા ગુરુજી**એ **ઘાટલોડિયા** ખાતે પ્રાતઃ સમયે ૧૧ પધરામણીનો લાભ આપી પ્રેમીભક્તોના મનોરથ પૂર્ણ કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **ઘાટલોડિયા** ખાતે સંધ્યા-રાત્રિ સમયે સ્થાનિક અનુયાયીઓને સ્મૃતિછબીનો લાભ આપી ન્યાલ કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ રાત્રિ સમયે **ઘાટલોડિયા** ખાતે ચુનંદા કિશોરમુક્તોને અંગત લાભ આપી માતૃવાત્સલ્ય સ્નેહથી ભીંજવ્યા હતા.

**તા. ૧૪-૧-૨૦૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે ઝોળીસેવાનો લાભ આપી અભયવર્ષાથી સૌને કૃતાર્થ બનાવ્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સંધ્યા સમયે વિદેશથી પધારેલ ભાવિક ભક્તોને ઝોળીસેવાનો લાભ આપી મૂર્તિનાં દાન કર્યાં હતાં. આજરોજ **વ્હાલા ગુરુજી**એ રાત્રિ સમયે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે સંકલ્પ સભા ઉપક્રમે પધારેલ પ્રત્યક્ષ તથા ઑનલાઈન ૨૮૧૩૯થી વધુ મુમુક્ષુજનોને સત્સંગ સરિતામાં ભીંજવ્યા હતા.

# ગુરુકુલના વિદ્યાર્થીમુક્તોને રસોઈ (૨૦૨૫-૨૬)

## ગુરુકુલ રસોઈ સેવાની યાદી

| સેવાની વિગત | બૉય્ઝ ગુરુકુલ | ગર્લ્સ ગુરુકુલ |
|---|---|---|
| અલ્પાહારની સેવા | ૭,૦૦૦/– | ૩,૫૦૦/– |
| બપોરની સેવા | ૨૧,૦૦૦/– | ૧૦,૦૦૦/– |
| આખા દિવસની સેવા | ૩૧,૦૦૦/– | ૧૫,૦૦૦/– |

## બૉય્ઝ ગુરુકુલ રસોઈ સેવાના યજમાન

| | | | |
|---|---|---|---|
| કર્મ જયેશભાઈ સુથાર | સાબરકાંઠા | નિરૂપ રમેશભાઈ માંગરોળિયા | દોલતી(સૌરાષ્ટ્ર) |
| તુષાર પ્રવીણભાઈ ઢોલરિયા | ઘનશ્યામનગર | મનજીભાઈ ગામી | નવી મુંબઈ |
| ધ્રુવ નરેશભાઈ ખેની | નિકોલ | મીત ધીરેનભાઈ કળથિયા | નરોડા |
| નિશીથભાઈ દેસાઈ | વાસણા | જયેશભાઈ સુનીલભાઈ ઠક્કર | સ્વા.ધામ |
| રાજેશભાઈ ચંદુભાઈ પટેલ | ઘનશ્યામનગર | મૂ.નિ. ચંપકલાલ પૂજારા | વાસણા |
| હેતલ મહેન્દ્રભાઈ ઠક્કર | ચાંદખેડા | | |

## ગર્લ્સ ગુરુકુલ રસોઈ સેવાના યજમાન : આખા દિવસની રસોઈના યજમાનની યાદી

| | | | |
|---|---|---|---|
| આર્વી ભટ્ટ પટેલ | યુ.એસ.એ. | મૂ.નિ. સેજલબેન કિરણભાઈ પટેલ | ગોધર |
| ક્રિષાબેન દિલીપભાઈ સીતાપરા | નારીચાણા | કૃષિબેન મનોજભાઈ પટેલ | રાધનપુર |
| ક્રિનલબેન રાજેશભાઈ પટેલ | ઘનશ્યામનગર | પ્રિયાબેન નિલેશભાઈ પટેલ | લુણાવાડા |

## બપોરની રસોઈના યજમાનની યાદી

| | | | |
|---|---|---|---|
| નિષ્ઠાબેન દિલીપભાઈ ઝડફિયા | સુરત | ગીતાબેન કિરીટકુમાર ઠક્કર | સાયન્સ સિટી |
| સાક્ષીબેન, હેમાક્ષીબેન પ્રદીપભાઈ દવે | બાયડ | વિપ્સાબેન અશ્વિનભાઈ દેવાણી | અમરેલી |
| જેનીશાબેન અમિતભાઈ પટેલ | નિકોલ | ડિમ્પલબેન હેમાંગભાઈ મકવાણા | રાજકોટ |
| વૃત્તિબેન અશ્વિનભાઈ વિડજા | રાપર | આસ્થાબેન રાજેશભાઈ પટેલ | ગોધર |
| જીયાબેન નિકુલભાઈ પટેલ | માધાપર | હસ્તીબેન ભરતભાઈ સભાયા | અમરેલી |
| આરોહીબેન કલ્પેશભાઈ પટેલ | નિકોલ | સોફિયાબેન જિજ્ઞેશકુમાર ગમારા | નરોડા |
| કંચનબેન ચંદ્રકાન્તભાઈ સોની | વાસણા | હીનાબેન પ્રશાંતભાઈ ત્રિવેદી | ઘાટલોડિયા |
| ગોદાવરીબેન આર. વેકરિયા | ઘનશ્યામનગર | ચેતનાબેન જયેશભાઈ ઠક્કર | સ્વા.ધામ |
| મિનાક્ષીબેન કલ્પેશકુમાર આસોડિયા | નિકોલ | રિયાબેન મિતુલભાઈ પટેલ | મહેસાણા |
| માર્ગીબેન શૈલેષભાઈ પટેલ | ઘનશ્યામનગર | ઊર્વીબેન હિમાંશુભાઈ પૂજારા | ગાંધીનગર |
| વિશ્વાબેન ત્રિજેસભાઈ જેઠલોજા | મોરબી | ચાંદનીબેન મુકેશભાઈ તન્ના | પાલનપુર |
| વિશ્વાબેન હરેશભાઈ પટેલ | નિકોલ | દિશાબેન વિજયભાઈ તોગડિયા | સુરત |
| યશ્વીબેન પીયૂષભાઈ બોપલિયા | સુરત | | |

## અલ્પાહારની સેવાના યજમાનની યાદી

| | | | |
|---|---|---|---|
| ધ્યાનીબેન મનોજકુમાર ગજ્જર | કલોલ | લતાબેન રાજુભાઈ સોની | સ્વા.ધામ |
| છાયાબેન ગિરીશભાઈ બોરડ | ગોંડલ | હેતુબેન દિનેશભાઈ પટેલ | ગોધર |
| તન્વીબેન સૂર્યકાંતભાઈ જાકાસણિયા | મોરબી | યાત્રાબેન મહેશભાઈ આચાર્ય | ઉના |
| રિદ્ધિબેન નનુભાઈ ફીણવિયા | અમરેલી | ધ્રુવીબેન જયેશભાઈ પટેલ | ગોધર |
| એન્જલબેન જયેશભાઈ સિંધવ | ખોલડિયાદ | ઋત્વીબેન ગિરીશભાઈ બોરડ | ગોંડલ |
| પ્રીતિબેન વિશાલભાઈ પટેલ | વસ્ત્રાલ | રંજનબેન ઈશ્વરભાઈ વરમોરા | ભાવનગર |
| તારાબેન કાંતિલાલ પટેલ | નરોડા | ગૌરાંગભાઈ કારોલા | ચાંદખેડા |
| યશ્વીબેન પીયૂષભાઈ બોપલિયા | સુરત | કાવ્યાબેન ભાવેશભાઈ પટેલ | વાસણા |
| ચાર્મીબેન ભરતભાઈ પ્રજાપતિ | વીરપુર | માહીબેન વિજયભાઈ વસાણી | સુરત |
| કાવ્યાબેન નીતિનભાઈ શેલડિયા | જીવરાજ પાર્ક | ચાર્મીબેન જગદીશભાઈ પટેલ | દેવગઢબારિયા |



ખુશામત સ્વાર્થની ઊપજ છે.

## ભક્તિ કેટરર્સ

એકમાત્ર શ્રીજીમહારાજ અને મોટાપુરુષ રાજી થાય તેવા વ્યવહારિક પ્રસંગો ઊજવવાના હેતુથી
એસ.એમ.વી.એસ. સંસ્થાના તમામ સત્સંગી બંધુઓ માટે ઉપલબ્ધ

- સત્સંગી હરિભક્તો માટે સ્પેશ્યલ વ્યવસ્થા
- નિયમ-ધર્મે યુક્ત શુદ્ધ અને સાત્વિક ભોજન
- નાના-મોટા કે સારા-નરસા પ્રસંગે ઓર્ડર લેવામાં આવે છે.
- સગાંસંબંધી તેમજ મિત્રવર્તુળમાં જાણ કરી લાભ લઈ-લેવડાવી મહાપ્રભુનો રાજીપો પ્રાપ્ત કરીએ.



- વધુ માહિતી માટે સંપર્ક :

ઘનશ્યામભાઈ પટેલ – ૯૮૨૫૦૪૪૧૬૦

:: ખાસ નોંધ ::

એક દિવસના સાત્વિક લગ્નપ્રસંગ ઊજવવા ઉત્સુક પરિવારો માટે ‘બાપાશ્રી હૉલ’ની સગવડ ઉપલબ્ધ છે.
સંપર્ક : રાજુભાઈ એ. પટેલ – ૯૪૨૭૬૭૭૫૦૯

‘ઘનશ્યામ’ એટલે...

- શ્રેષ્ઠ સંગ... શ્રેષ્ઠ મિત્ર... શ્રેષ્ઠ માર્ગદર્શક...
- જીવનધ્યેયનું સ્પષ્ટીકરણ આપનાર.
- શ્રીજીમહારાજના રહસ્ય જ્ઞાનનો ખજાનો.
- વ્યવહારિક અને આધ્યાત્મિક પ્રશ્નોનો ઉકેલ આપનાર.
- દિવ્યજીવનના રાહ પર લઈ જતું, ચલાવતું અને દોડાવતું.

**ઘનશ્યામ MP3 Audio**
ઘનશ્યામ સામયિકના તમામ લેખો ઓડિયો સ્વરૂપે શ્રવણ કરવા મળશે.
www.smvs.org/Audio

**ઘનશ્યામ PDF**
ઘનશ્યામ સામયિક PDF સ્વરૂપે વાંચવા મળશે.
www.smvs.org/Download

**ઘનશ્યામ Jukebox**
ઘનશ્યામ સામયિકના તમામ લેખો હવે youtube પર માણવા મળશે.
www.youtube.com/smvs

**તો આવો, ઘનશ્યામ સામયિકને વાંચન અને શ્રવણ કરી આપણા આધ્યાત્મિક ક્ષેત્રને નવો આયામ આપીએ...**

ઘનશ્યામ સામયિક MP3 Audio, Jukebox તથા PDF સ્વરૂપે www.smvs.org વેબસાઇટ ઉપર દર માસે વાચકો માટે નિઃશુલ્ક ઉપલબ્ધ છે...

આપ પણ ઘનશ્યામ સામયિક વાંચવા અને સાંભળવા smvs.org વેબસાઇટની મુલાકાત લેશો અને લેવડાવશો...

પાયાની ઈંટોને દેખાવું ન ગમે.






ધનુર્માસ અન્વયે અમદાવાદના વિવિધ સેન્ટરોમાં લાભ આપતા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી


















## વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ













(૧-૪) સ્વા.ધામ ઝોનમાં ગુરુકુલના તથા SDISના બાળમુક્તોને લાભ, સ્વા.ધામ ખાતે વિદેશના મુક્તોને ઝોળીસેવા તેમજ સેક્ટર-૬ ખાતે પધરામણીમાં લાભ (૫-૮) ઇસનપુર, નરોડા, ઘાટલોડિયા, ગોતા ખાતે અનુક્રમે પધરામણીમાં લાભ.

Ghanshyam, February-2026Published on 10-02-2026. Post at SRO Gandhinagar. 10th to 13th on Every Month. Licenced to Post without prepayment No. PMG/NG/060/2024-26, Valid up to 31-12-2026. Regd No. G-GNR-315/ 2024-26, Extended up to 31-12-2026. RNI No. 33267/78.

Printed Sadhu Purnaswarupdas, Published by Sadhu Bhaktvatsaldas on Swaminarayan Mandir Vasna Sanstha (**SMVS**) and at Vibrant Image Basement, Hi-Tech Complex, Paldi, Ahmedabad 380007 and Published at Swaminarayan Dham, Koba-Gandhinagar Highway, Gandhinagar-7. Editor-Narendrabhai R. Trivedi.

**પધારો... પધારો... પધારો...**

**બાપાશ્રીના ચરણકમળથી પ્રસાદીભૂત તેમજ**
**કારણ સત્સંગના પ્રાદુર્ભાવ સમી ધન્ય ધરા ભૂજ શહેરને આંગણે...**

**નૂતન મંદિરનાં વધામણાં...**



# દિવ્ય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ભૂજ

**૨૭ ૨૮ ફેબ્રુઆરી**
**૦૧ માર્ચ ૨૦૨૬**

**શુક્રવાર, શનિવાર, રવિવાર**

**શુભ સ્થળ**

**SMVS** શ્રી સ્વામિનારાયણ મંદિર,
સનસિટી સોસાયટી રોડ,
ભાટિયા મહાજન વાડી પાસે, શ્રીહરિ પાર્ક,
ભૂજ-કચ્છ.

